# પ્રવચન નં. ૮૦

## શ્લોક ૨૭-૨૮, ગાથા-૩૪

સોમવાર, માગશર વદ ૪, તા. ૯-૧૨-'૬૮

સમયસાર. જીવ-અજીવ અધિકાર ૨૭ (કલશ) હૈ ન ? ઉસકા અર્થ નીચે હૈ. ક્યા અધિકાર ચલતા હૈ કિ આત્માકી સ્તુતિ અર્થાત્ કેવલજ્ઞાનકી સ્તુતિ કિસે કહતે હૈં ? કેવલજ્ઞાની પરમાત્મા ઉસકી સ્તુતિ કિસકો કહતે હૈ, ઉસકા ગુણગ્રામ, ઉસકી પ્રશંસા, ઉસકા આદર, કહતે હૈં, દેખો, **શરીર ઔર આત્માકે વ્યવહારનયસે એકત્વ હૈ**.... શરીર અને આત્માકો તો વ્યવહાર કથન માત્રસે એકપનેકા કહનેમેં સંબંધ આતા હૈ. ખરેખર શરીર ઔર આત્માકા એકપના હૈ નહીં. **કિન્તુ નિશ્ચયનયસે નહીં (હૈ);....**શરીર ઔર આત્માકા બિલકુલ સંબંધ હૈ નહીં. અપના નિજસ્વરૂપ અપનેમેં હૈ. શરીરકા નિજસ્વરૂપ ઉસમેં હૈ. કોઈ પરકા સંબંધ આત્માકે સાથ હૈ ઐસા હૈ નહીં. **ઇસલિયે શરીરકે સ્તવનસે આત્મા-પુરુષકા સ્તવન વ્યવહારનયસે હુઆ કહલાતા હૈ,.....** શરીર આદિ ભગવાનકા ગુણગાન વાણીસે કોઈ શરીરસે...... ભગવાનકા હૈ. વો તો વ્યવહારનયસે કહનેમેં આતા હૈ, **નિશ્ચયનયસે નહીં;.....** સચ્ચી દ્રષ્ટિસે પરકા સ્તવન વો યથાર્થ સ્તવન નહીં. પર શબ્દે આત્માસે ભિન્ન રાગાદિ સબકા.

કહતે હૈં કિ **નિશ્ચયસે તો ચૈતન્યકે સ્તવનસે (હી) ચૈતન્યકા સ્તવન હોતા હૈ.** ઐસા પાઠ હૈ. દેખો આ ચૈતન્ય ભગવાન જ્ઞાનાનંદ સ્વરૂપ શુદ્ધ ચૈતન્ય હૈ, ચૈતન્યકે સ્તવનસે હી, ઉસકી અંતરમેં એકાગ્રતા કરના, વહી કેવલીકા સ્તવન ને ભગવાનકા ગુણગ્રામ કહનેમેં આતા હૈ. ભારે વાત ! કળશમાં તો એમ લખ્યું છે કેવળી અનંત જ્ઞાનને પામ્યા છે, આમ જીત્યા છે એના

ગુણગાન—એટલે શું ? કે ઓલા ગુણના ગુણ ગ્રામ. એના ગુણનું જ્ઞાન કરવું, એમ. એવી શૈલી કળશટીકામાં. ક્યા કહતે હૈં સમઝમેં આયા ? સર્વજ્ઞ પરમાત્મા હો કિ પરમાત્માકી મૂર્તિ હો કિ પરમાત્માકા શરીર હો, પર તરફકી સ્તુતિસે તો વિકલ્પ રાગ ઉત્પન્ન હોતા હૈ, વો કંઈ આત્માકી સ્તુતિ યથાર્થ કહનેમેં આતી નહીં. સ્તુતિ નામ ધર્મ, આત્માકી પ્રશંસા. તો આત્માકી પ્રશંસા તો સ્તુતિ ઔર ધર્મ ઉસકો કહતે હૈ કિ ચૈતન્ય સ્વરૂપ જ્ઞાનાનંદ સ્વરૂપ આત્મા, પાઠમેં ઐસા હૈ દેખો.

चित्स्तुत्या एव सैवं भवे । निश्चयतश्चितो भवति चित्स्तुत्यैव भवति ।

બહુ ટુંકો શબ્દ લીધો છે. આત્મા જ્ઞાનસ્વરૂપ હૈ, જ્ઞાન ચૈતન્યમૂર્તિ હૈ, ઉસ તરફસે એકાગ્ર હોના, જહાઁ વો હે વહાઁ એકાગ્ર હોના, ઉસકા નામ સચ્ચી ભગવાનકી સ્તુતિ કહનેમેં આતા હૈ. શેઠી ! રાગ, વિકલ્પ, શરીર, વાણીમેં વો ચૈતન્ય નહીં. સમજમેં આયા ? ચિદ્ એવ ચૈતન્ય. જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા, વો ચૈતન્યમેં, ચૈતન્યમેં ચેતન રહતા હૈ.... ચેતનમેં ચૈતન્ય રહતા હૈ. જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા યે ચૈતન્યસ્વભાવ, ઉસમેં એકાગ્રતા હોના, પુણ્ય-પાપકા વિકલ્પ. શરીર-વાણી સબસે પૃથક્ હોકર અપના ચૈતન્ય જ્ઞાનસ્વરૂપ આનંદ સ્વરૂપમેં એકાગ્ર હોના, વહી સચ્ચા ધર્મ હૈ, વહી સચ્ચી આત્માકી પ્રશંસા હૈ, વહી સચ્ચા આત્માકા આદર હૈ . સમજમેં આયા ? દેખો. ભગવાનકા આદર. પરમાત્માકા વો આદર. યહાઁ કહતે હૈ શેઠી !

ભગવાન તો સર્વજ્ઞ જ્ઞાનસ્વરૂપ હૈ. ઉસકા આદરકા અર્થ ઐસા હી જ્ઞાનસ્વરૂપ મૈં હૂઁ, મેરા સ્વભાવ, ઉસમેં અંદર એકાગ્ર હોના, વહી ભગવાનકી પરમાર્થસે સચ્ચી સ્તુતિ ઔર ધર્મ કહનેમેં આતા હૈ. જહાઁ વો હૈ વહાઁ એકાગ્ર હોના, જહાઁ ચૈતન્યસ્વરૂપ હૈ, ચેતનમેં, ચૈતન્ય જ્ઞાનાનંદ

સ્વભાવ વો હૈ વહાઁ, તહાઁ આત્મા હૈ. વહાઁ ઉસમેં એકાગ્ર હોના વહી ભગવાન, સાચી સ્તુતિ અને ઉસકા સાચા ગુણગાન અને ધર્મ કહતે હૈં. ભારે વાત ! સમજમેં આયા ?

**ચૈતન્યકે સ્તવનસે હી....** એમ છે ને ? જુઓ. પ્રશ્ન મૂક્યો છે કે આવો વ્યવહાર વચ્ચે નિશ્ચય થયો એને આવો વ્યવહાર શું કરવા આવે ? ઐસા. એવા અનુભવમાં આવ્યો નિશ્ચય. પર જબ લગ પૂર્ણ નિશ્ચય ન હો, પૂર્ણ નિશ્ચયકા અર્થ સ્વકા પૂર્ણ આશ્રય ન હો, તબ લગ બીચમેં સ્વકા આશ્રય અનુભવ, સ્તુતિ હુઆ, તો ભી બીચમેં શુભરાગ આયા બિના રહતા નહીં, પર વો વાસ્તવિક સ્તુતિ નહીં. શેઠી !

ભગવાન આત્મા ચેતન, ચૈતન્ય સ્વભાવ, ઉસમેં એકાગ્ર હોના વહી સ્તુતિ. કહતે હૈં કિ ભૈ ઐસા સમ્યગ્દર્શન હુઈ ઔર અપની સ્તુતિ હુઈ, પીછે પરમાત્મા ભગવાન સર્વજ્ઞમૂર્તિ ઔર પરમાત્માકી સ્તુતિકા ક્યા કામ હૈ ઉસમેં ? સમજમેં આયા ? કહતે હૈં, જબ લગ સ્વકા પૂર્ણ આશ્રય નહીં હુઆ, આશ્રય હોકર સમ્યગ્દર્શન-જ્ઞાન સ્તુતિ હુઆ, પર પૂર્ણ આશ્રય નહીં હુઆ, જો પૂર્ણ આશ્રય હો તો કેવલજ્ઞાન હો જાય. પૂર્ણ આશ્રય જબ લગ નહીં, તબ લગ પરકે આશ્રયકા વિકલ્પ–ભક્તિકા, પૂજાકા, સ્તુતિકા વ્યવહાર આતા હૈ બીચમેં. ભારે અટપટી વાત બધી ! વ્યવહાર ન આવે તો ? વિકલ્પમાં છે ને. કુંદકુંદ આચાર્ય કહતે થે ન. હમ ગયે થે ન વંદેવાસ ? મદ્રાસસે અસ્સી (૮૦) માઈલ આ બાજુ હૈ ન વંદેવાસ. વહાઁસે પાંચ માઈલ હૈ પોન્નુર હીલ. ત્યાં કુંદકુંદ આચાર્ય રહતે થે. દિગંબર મુનિ. જિન્હોંને સમયસાર બનાયા. દો હજાર વર્ષ પહલે, સંવત ઓગણપચાસ. ત્યાં નીચે હૈ એક છોટા ગાઁવ, ઉસ વખતકા મંદિર હૈ. દો હજાર

વર્ષ પહલેકા. ગઢ ભી જુના હો ગયા હૈ સબ. કહતે થે કિ કુંદકુંદ આચાર્ય યહાઁ રહતે થે ઔર ભગવાનકે પાસ ગયે થે, યહાઁ રહતે થે ઔર નીચે દર્શન કરનેકો ઈસ મંદિરમેં આતે થે. દેખા હૈ ? જોયું છે? ગામ જોયું છે ? લે. નહોતો ઓલો ગઢ ? જુનો ગઢ. જુનો ગઢ બહુ જુનો થઈ ગયો. નાનું ગામ છે ત્યાં. ગણધરની પ્રતિમા હતી ને ? ત્યાં ગણધરની પ્રતિમા આ બાજુ હતી... સમજમેં આયા ?

યે ભાવ આતા હૈ પર વાસ્તવિક નિશ્ચય સ્તુતિ નહીં, ઉપચારી. પુણ્યબંધકી સ્તુતિ કહનેમેં આતી હૈ. સમજમેં આયા ? વાસ્તવિક નિશ્ચય સ્તુતિ તો અપનેમેં સંવર, નિર્જરા ઔર શુદ્ધતા પ્રગટ હો વો હૈ. કહતે હૈં, **ચૈતન્યકે સ્તવનસે હી ચૈતન્યકા સ્તવન હોતા હૈ.** સ્તવન કહો, ભક્તિ કહો, પૂજ્યપના કહો, ધર્મ કહો, ચૈતન્યકી એકાગ્રતાસે હી સબ હોતા હૈ, એમ કહતે હૈં. જીવ અધિકાર હૈ ન. જીવ તો ચૈતન્ય સ્વરૂપ હૈ, ચૈતન્યસ્વરૂપમેં એકાગ્ર હોના, વહી જીવકા માનના ઔર જીવકા સ્વીકાર હૈ. સમજમેં આયા ? રાગમેં એકાગ્ર પરમેં હો તો જીવકા સ્વીકાર કહાઁ આયા ઉસમેં ? સમજમેં આયા ? આગળ કહેશે. બીજી ગાથા છે ને. अच्छादितायाम् । બીજા શ્લોકમાં ત્યાં કહેશે. ઓલામાં લખ્યું છે. જીવ, કર્મ અને રાગથી એકત્વ માનકર, કર્મસે ઢંકા હુઆ થા, પર ઉપર લક્ષ થા તબ કર્મસે ઢંકા હુઆ થા, મરણ પ્રાપ્ત થા, કલશટીકામેં લિખા હૈ...મરણપ્રાપ્ત. ક્યોંકિ આત્મા ચૈતન્ય સ્વભાવ શુદ્ધ ચિદાનંદ સ્વરૂપ હૈ ઉસકા આદર નહીં. ઔર કર્મકા, સંયોગકા આદરમેં ઉસમેં ઢંકા પડા હૂઁ મૈં. ઐસા ઉસકા આવરણ વો હી મૈં હૂઁ. આવરણ મેરેકો હો ગયા. મરણ પ્રાયઃ થા. ઉસકો ભિન્ન કરકે દિખાયા.

ભગવાન ! શરીર ભી તુમ નહીં, કર્મ ભી તુમ નહીં, ઔર પુણ્ય-પાપકા વિકલ્પ આદિ ખંડ ઇન્દ્રિય ભી તુમ, ઈતના નહીં. તેરા સ્વભાવ તો ચૈતન્ય જ્ઞાનાનંદ સ્વભાવ હૈ ઐસે મરણપ્રાયઃ થા તો ઉસકો જીવકા જીવન બતાયા. કહો, સમજમેં આયા ? ભારે વાત ! અપૂર્વ વાત હૈ ભાઈ ! યે તો અનંતકાલમેં તુમ કહાઁ હૈ ઔર કહાઁ ગોતતે હૈં–શોધતે હૈં. મૈં તો મેરા જ્ઞાનાનંદમેં હૂઁ, ત્યાં શોધના કે આત્માકો રાગ ઔર પુણ્ય, પરમેં શોધના ? કહો, શેઠી ! તુમ કહાઁ હો ? કહે, હમ તો ચૈતન્યસ્વભાવમેં હૈં. આત્મા ચૈતન્યસ્વભાવમેં હૈ. આત્મા ચૈતન્યસ્વભાવવાન, ચૈતન્યસ્વભાવમેં હૈ. વહાઁ એકાગ્ર હોનેસે આત્મા મિલેગા, સમજમેં આયા ?

હમણાં આ બધાં ગયા હતા છોકરાઓ, વિજ્ઞાન જોવા... ફેરમાં ? શું કહેવાય ? શિહોરમાં. વિજ્ઞાન છે ને....કાંઈક હતું ને ? મેળો હતો ત્યાં જોવા ગયા હતા. ઓલા પાવર હોય ને ફોટો પાડવા બેટરીનો. ફોટો થઈ જાયને. પછી કાંઈક એવી ચીજ હતી એ ચીજમાં બોળે તો વળી એ સાચું થઈ જાય. કાંઈક હશે એવું રસાયણ એની પાસે, ઈ છોકરાઓ વાતું કરતા'તા. જોઈ આવ્યા....એક વાત કરો. મુખ્યમાંથી એક વાત. કે આવું જોઈ આવ્યા. અહીં વિજ્ઞાન એવું છે અમારી પાસે તો કે આ આત્માની જે નિર્મળ ચૈતન્ય પર્યાય છે અંદરમાં જો બોળે એકાગ્રતાથી તો ભગવાન તાજો થઈ જાય..... શેઠી ! એમ વસ્તુ વિજ્ઞાન યે હૈ, યહાઁ હૈ. ચૈતન્ય ભગવાન અનંત બેહદ જ્ઞાનસ્વભાવ. ઉસમેં એકાગ્ર હોનેસે આત્મા ચૈતન્ય જાગૃત હો જાતા હૈ, જીવન, જીવન હો જાતા હૈ. જીવકા જીવન પ્રગટ હોતા હૈ. મરણપ્રાયઃ હૈ વો જીવનપ્રાયઃ હો જાતા હૈ. સમજમેં આયા ? આહાહા !

કહતે હૈં, **ઉસ ચૈતન્યકા સ્તવન....**હવે ચૈતન્ય સ્તવનની ત્રણ રીત... ત્રણ પ્રકાર. એક **જિતેન્દ્રિય**પના ઈન્દ્રિય. ઈન્દ્રિયાં જડ ખંડ ખંડ ઇન્દ્રિય ઔર શબ્દરૂપ પરવસ્તુ ઉસસે લક્ષ હટાકર અપના અતીન્દ્રિય જ્ઞાનાનંદમેં એકાકાર હોના, વો એક આત્માકી જિતેન્દ્રિય નામકી સ્તુતિ. ગુણગાન! ધર્મ કહનેમેં આતા હૈ. એક **જિતમોહ.** આગે બઢકર અપને સ્વરૂપમેં શુદ્ધતાકી વૃદ્ધિ હોતી હૈ, ઉપશમરૂપ. રાગાદિભાવકો ઉપશમ કરકે કૃતકૃત્ય હો જાતા હૈ. સ્વરૂપમેં એકાગ્ર હોકર શુદ્ધિ બઢતી હૈ-વો ભી એક દૂસરે પ્રકારકી આત્માકા ગુણગાનકી સ્તુતિ કહનેમેં આતા હૈ. ઔર એક **ક્ષીણમોહ**. રાગકા બિલકુલ ક્ષય-નાશ હો જાના. રાગકા બિલકુલ નાશ હો જાના. ઔર વીતરાગ પર્યાયકી ઉત્પન્ન હો જાના, વો ત્રીજા પ્રકારકી સ્તુતિ કહનેમેં આતી હૈ. શુદ્ધિ બઢ ગઈ આત્મામેં. વો સ્તુતિ હૈ. તીન પ્રકારકા કહા—**ઇત્યાદિરૂપસે કહા વૈસા હૈ.** કહા વૈસા હૈ એમ કહતે હૈ.....સ્તુતિ.

**અજ્ઞાનીને તીર્થંકરકે સ્તવનકા જો પ્રશ્ન કિયા થા....**અજ્ઞાનીને પ્રશ્ન કિયા થા કિ, મહારાજ શરીર ભગવાનનું છે તો ઉસકા સ્તવન કરનેસે આત્માકા સ્તવન હોતા હૈ કિ નહીં ? ભૈયા ! વો તો વ્યવહારનયસે કહનેમેં આતા હૈ. વિકલ્પ ઉઠતે હૈં-રાગ. પર લક્ષમેં-ઐસા ગુણગાન કરના વો તો વ્યવહારસે હૈ. **(ઉસકા) ઇસપ્રકાર નયવિભાગસે ઉત્તર દિયા હૈ;** નિશ્ચયસે તો સ્તવન હૈ નહીં. સમજમેં આયા ? નિશ્ચયસે તો સ્તવન અપના આત્મા, અપને આનંદકંદમેં એકાગ્ર હોકર આનંદકા અનુભવ કરે વો હી સ્તવન સચ્ચા ઔર સચ્ચી સ્તુતિ કહનેમેં (આતી હૈ) યે પરમાત્માકી સ્તુતિ ઉસે કહતે હૈં. લો.

**ઉસકા ઇસ પ્રકાર નયવિભાગસે.....**વ્યવહાર-નિશ્ચય, નયવિભાગ વ્યવહાર અને નિશ્ચય, વ્યવહારસે સંબંધ હૈ ઐસા કહનેમેં આયા. વિકલ્પ ઉઠતે હૈં તો. ઔર વિકલ્પ બિના રાગ બિના અપને સ્વભાવમેં એકાગ્ર હોના વો હી નિશ્ચય યથાર્થ સ્તવન કહનેમેં આતા હૈ. **જિસકે બલસે યહ સિદ્ધ હુઆ (કિ)....**નય વિભાગકે બલસે, નિશ્ચયસે. **આત્મા ઔર શરીરમેં નિશ્ચયસે એકત્વ નહીં હૈ.** આત્મા ઔર શરીરમેં ખરેખર એકપના હૈ નહીં. અથવા આત્મા અને પરપદાર્થ સાથે એકપના હૈ નહીં. ઔર આત્મા ઔર રાગકે સાથ ભી એકપના હૈ નહીં. સમજમેં આયા? રાગસે ઔર પરસે પૃથક્ કર અપના ચૈતન્યસ્વભાવમેં લીન હોના વો હી વાસ્તવિક સ્તવન, સ્તુતિ અને ધર્મ કહનેમેં આતા હૈ. ભારે વાત ભાઈ ! સમજમેં આયા ?

**અબ ફિર, (ઇસ) અર્થકે જાનનેસે ભેદજ્ઞાનકી સિદ્ધિ હોતી હૈ ઇસ અર્થકા સૂચક કાવ્ય કહતે હૈં :**—૨૮

इति परिचिततत्त्वैरात्मकायैकतायां
नयविभजनयुक्त्यात्यन्तमुच्छादितायाम् ।
अवतरति न बोधो बोधमेवाद्य कस्य
स्वरसरभसकृष्टः प्रस्फुटन्नेक एव ।।२८।।

ઓહોહો ! કરુણાસે સંતો કહતે હૈં. અરેરે! અમે આ રીતે ચૈતન્ય અને રાગને ભિન્ન કરીને દિખાયા તો કિસકો આત્માકા અનુભવ રાગસે ભિન્ન હુઆ ? એમ કહતે હૈ...આહાહા ! **જિન્હોંને વસ્તુકે યથાર્થ સ્વરૂપકો પરિચયરૂપ કિયા હૈ....** જિસને વસ્તુકા સ્વરૂપકો પરિ-સમસ્ત પ્રકારે પરિચિત, ચિત્ નામ જ્ઞાન સર્વજ્ઞ રૂપે, સર્વજ્ઞ સ્વભાવે, જિસને વસ્તુકા સ્વરૂપ જાના હૈ, સમજમેં આયા ?.... લિખા હૈ. પરિચિત. પરિ-સમસ્ત પ્રકારે, ચિત્ એટલે જ્ઞાન.

સર્વજ્ઞ જ્ઞાનસે વસ્તુકા સ્વરૂપ જિસને જાના હૈ, સર્વજ્ઞ ભગવાનને આત્મા સર્વજ્ઞ પરિચિત એટલે કે સર્વજ્ઞ...પરિ-સમસ્ત પ્રકારે જ્ઞાન પ્રગટ હુઆ પૂર્ણ....ઐસા પરિચિત સર્વજ્ઞ ભગવાનને તત્ત્વ-આત્મા....**જિન્હોંને વસ્તુકે યથાર્થ સ્વરૂપકો પરિચયરૂપ કિયા હૈ....**સર્વજ્ઞને ઐસા બરાબર જાના હૈ. સમજમેં આયા ?

**ઐસે મુનિયોંને જબ આત્મા ઔર શરીરકે એકત્વકો ઇસપ્રકાર નયવિભાગ(કો)ની યુક્તિ(કે) દ્વારા....** આત્મા ભગવાન ચિદાનંદ સ્વરૂપ ભિન્ન હૈ અને પુણ્ય-પાપકા રાગ ને શરીર આદિ ભગવાનકે પ્રગટ ઐસે હી હુઆ હૈ. રાગસે, શરીરસે ભિન્ન હોકર પરમાત્માકા અનંત જ્ઞાન, દર્શન, આનંદ પ્રગટ (હુઆ) ઐસા મેરા હી સ્વભાવ હૈ, ઐસા અપના સ્વભાવ પરસે ભિન્ન, નયવિભાગકી યુક્તિકે દ્વારા **જડમૂલસે ઉખાડ**કે **ફેંકા હૈ.** દેખો. ક્યા કહતે હૈં ? ઓહો ! નિશ્ચયમેં તો આત્મામેં રાગ ને શરીર ને વાણીકા કોઈ સંબંધ નહીં. જડમૂલસે ઉખાડ દિયા, તેરા ભગવાન. તેરા સંબંધ તેરા ચૈતન્ય સ્વભાવસે હૈ. આત્મા ચૈતન્યસ્વભાવ પરિપૂર્ણ યે સ્વભાવસે આત્માકા સંબંધ હૈ, રાગ, પુણ્ય, શરીર, વાણીકે પર પરમેશ્વર આદિકે સાથ આત્માકા સંબંધ કુછ હૈ નહીં. સમજમેં આયા ? ઓહોહો ! તો જિસકે સાથ સંબંધ નહીં ઉસકે સાથ દ્રષ્ટિ કરના, ઉસસે ક્યા મિલેગા ? એમ કહતે હૈં....તેરા ચૈતન્યસ્વભાવ, જ્ઞાનાનંદ ભાવ, ભાવવાનકે સાથ સંબંધ હૈ. જહાં તુમ હૈ, જહાં તુમ હૈ, વહાઁ પરમાત્મા હૈ, વહાઁ કેવલી હૈ યહ આત્મા. ઉસકી એકાગ્રતા હોનેસે જડમૂલસે નિકાલ દિયા ઔર આત્મા પ્રગટ હુઆ. રાગાદિ પરસે ભિન્ન ભગવાન અપના ચૈતન્ય સ્વભાવમેં અપનેસે જો અંદર એકાગ્ર હુઆ, વ્યવહાર છૂટ ગયા. વ્યવહારકા સંબંધ હૈ હી નહીં. ખરેખર તો કહનેમાત્ર લૌકિક યુક્તિસે કહને માત્ર હૈ.

**ઇસ પ્રકાર નય વિભાગકો યુક્તિકે દ્વારા જડમૂલસે ઉખાડ**....દિયા. જડમૂલસે ઉખાડ દિયાનો અર્થ કર્યો છે. મરણપ્રાપ્ત થા આત્મા કર્મને કર્મસે સંબંધમેં હૂઁ ઐસે સંબંધમેં અપના જીવન ચૈતન્યકા તો નાશ કર દિયા થા, અર્થાત્ રાગ ને પુણ્ય આદિ ઇન્દ્રિય આદિ મૈં હૂઁ, ઉસમેં મૈં હૂઁ તો અપના ચૈતન્યસ્વભાવકા મરણ કર દિયા થા, ભિન્ન કરકે જીવન બતા દિયા, ભગવાન તુમ તો ચૈતન્યસ્વભાવ હૈ, અવિનાશી ત્રિકાલી સ્વભાવ સંપન્ન તુમ હૈ, નાશવાન આદિકે સંબંધ તુજે હૈ નહીં, ઐસા સ્વભાવકા સંબંધ ત્રિકાલી અવિનાશીકા આત્માકે સાથ સંબંધ બતાકર નિશ્ચયસે તેરા સ્વભાવ પરસે બિલકુલ ભિન્ન હૈ. ઐસા બતાકર જીવન, જીવકા જીવન બતા દિયા. આહાહા ! ભારે વાત ભાઈ! સમજમેં આયા ? જીવ જીવતા હુઆ, મર ગયા થા વો જીવતા હુઆ. મરી જતો હશે જીવ ? ભાવમરણ રાગ ને પુણ્ય ને શરીર. પરકે સાથ મેરે સંબંધ હૈ, મૈં સંબંધવાલા હૂઁ, મૈં સંબંધરહિત નહીં. સંબંધરહિત નહીં. તો સંબંધવાલા હૂઁ તો સંબંધરહિતકા નાશ કિયા ઉસને. સમજમેં આયા ? ભારે વાત !

સર્વજ્ઞ પરમાત્મા વીતરાગ કેવલજ્ઞાની પરમેશ્વરને જો આત્માકો દેખા, પરિચિત સર્વજ્ઞને દેખા. એમ કહે છે. ઐસા જો તત્ત્વ. કહા જગતકો. હમ સર્વજ્ઞસે તેરે આત્માકો ઐસા જાના હૈ. રાગ-શરીરસે ભિન્ન જાના હૈ હમને. પરિચય કરકે સર્વજ્ઞ કરકે ઔર ઉસકા પરિચય કરકે સર્વજ્ઞ હુઆ હૂઁ. ઔર સર્વજ્ઞસે હમ જૈસે કહતે હૈં કિ રાગ, વિકલ્પ, શરીર, વાણી, મન, પર પરમેશ્વર આદિ મેરેસે તુમ ભિન્ન હો, ઐસા હમ જાનતે હૈં, સમજમેં આયા ? ભારે. જડમૂલસે—**ઉસકા (અત્યંત) અર્થ, નિષેધ કિયા (હૈ),....** બિલકુલ તેરે રાગ ને પરપદાર્થ સાથે સંબંધ હૈ નહીં. તુમ

તો સંબંધ વિનાના ચૈતન્યસ્વભાવમૂર્તિ ભગવાન હૈ. અહો ! ઐસા ભગવાન સર્વજ્ઞ પરમેશ્વરકી વાણીમેં ઐસા આયા અને ઐસા તેરા ભાવ હૈ.

**તબ અપને નિજરસકે વેગસે આકૃષ્ટ હો પ્રગટ હોનેવાલે એક સ્વરૂપ હોકર કિસ પુરુષકો વહ જ્ઞાન તત્કાલ હી યથાર્થપનેકો ન હોગા ?** મોટું વાક્ય છે. ઓહો ! કહતે હૈં કિ હમ રાગમેં જાતે થે, ઇન્દ્રિયકે તરફ જાતે થે, પરસંબંધી તરફ જાતા થા વિકલ્પ, જબ ઉસકો ભિન્ન બતા દિયા, તેરી ચૈતન્યશક્તિ નિધાન તો તેરે પાસ હૈ તુમ હી હૈ. **તબ અપને નિજરસકે વેગસે....** દેખો. અપના આનંદ ને શાંતિકે વેગસે. અપના આનંદ ને જ્ઞાનકે વેગસે અંતરમેં જાતે હૈં. આકૃષ્ટ વેગસે ખીંચા હુઆ પ્રગટ હોનેવાલા–પ્રગટ હુઆ. યે પુણ્ય-પાપ. ખંડ ઇન્દ્રિય જડ ઇન્દ્રિય ઔર વિષય શબ્દ આદિ, ભગવાનકી વાણી આદિ સબ. સબસે રુકતે થે, છોડ઼કર તેરા ચૈતન્યસ્વભાવ નિધાન તેરેમેં હૈ. ઐસા હમ તુમકો બતા દિયા.

તો કહતે હૈં, અપને જ્ઞાનાનંદરસસે, અપને નિજરસકે વેગસે આકૃષ્ટ હુએ, આકૃષ્ટ હુએ એટલે ક્યા અર્થ હૈ ? ખેંચાઈને કહ્યું. ખેંચાઈને કહ્યું છે. ખેંચાઈને એટલે શું આપણે હિન્દીમાં ? ખેંચકર, અપનેમેં લાકર. જ્ઞાનકી પર્યાય અપનેમેં લાયા. રાગમેં રૂકતી થી, પરમેં રૂકતી થી, અપનેમેં લાયા. અપના નિજરસ શક્તિકે વેગસે આકૃષ્ટ ખેંચતા, લેતા હુઆ, અપનેમેં આતા હુઆ પ્રગટ હોનેવાલા, મૈં તો જ્ઞાનાનંદ સ્વરૂપ હૂઁ વો હી જીવ હૈ. ઉસકો જીવ ભગવાને કહા હૈ. ઐસા હી મૈં હૂં. ઐસા એકસ્વરૂપ હોકર વિકલ્પ આદિસે ભિન્ન કરકે, ખંડ-ઇન્દ્રિય આદિસે ભિન્ન કરકે એકસ્વરૂપ મૈં હું શુદ્ધ ચિદાનંદ એકરૂપ, ઐસી બાત એકસ્વરૂપ પરકો બતાયા. ઐસે

એકસ્વરૂપ હોકર કિસ પુરુષકો જ્ઞાન તત્કાળ હી પ્રાપ્ત ન હોગા ? કોને આમ ન થાય ? આહા! જુઓ, ભાષા છે ને ?

**अवतरति न बोधो बोधमेवाद्य कस्य ।**
**रसरसरभसकृष्टः प्रस्फुटन्नेक एवः ।।**

એક એવો ભગવાન આત્મા. તને ભગવાને જ્યારે પરસે ભિન્ન સંબંધસે રહિત ઐસા જ્ઞાનમૂર્તિ ભગવાન પરસે ભિન્ન નિશ્ચયસે બતાયા, તો બતાયા ઔર તુને સુના. ઔર સુના ઔર પરસે ભિન્ન પ્રગટ ન હો, કિસકો ન હો ? દીર્ઘસંસારીકો સુનાને સુનતે નહીં. સમજમેં આયા ? દેખો ભગવાનને ઐસા કહા, તેરા સ્વરૂપ જ્ઞાનાનંદ રાગસે, પરસે ભિન્ન હૈ. તેરેકો બતા દિયા ઐસા. ઐસા બતાયા ઔર નિમિત્તસે કહા ઐસા ઉપદેશમેં તો ઉપાદાનમેં કિસકો ઐસી અનુભવદ્રષ્ટિ ન હો ? મૈં તો ચૈતન્ય આનંદ હૂઁ. કિસકો ન હો ? હોગા હી એમ કહતે હૈં. સર્વજ્ઞકા ઉપદેશકા નિમિત્ત મિલા. તીર્થંકરકે ઉપદેશકા નિમિત્ત ઔર તેરી પર્યાયમેં પકડા જ્ઞાનકે ક્ષયોપશમમેં ઐસા. વો જ્ઞાન અપના સ્વરૂપમેં ઝુકકર અપની એકતા કૌન નહીં પ્રગટ કરેગા ? સમજમેં આયા ? **અપને નિજરસકે** બલસે, દેખો. વિકલ્પ નહીં, નિમિત્ત નહીં. શુભ નહીં. ખિંચતા હુઆ **પ્રગટ હોનેવાલા** ભગવાન **એકસ્વરૂપ હોકર,** જ્ઞાતા-દ્રષ્ટા પરસે ભિન્ન ઉસકો ક્યા આત્માકો યે જ્ઞાન પ્રગટા ? યે જ્ઞાન, દેખો. કિ સર્વજ્ઞકી વાણી કાનમેં પડ઼ી ઔર ઉસકો બરાબર બતાયા રાગસે, પરસે ભિન્ન ઐસા આત્મા હૈ.

જીવકા ઐસા હી સ્વરૂપ હૈ ઐસા બતાયા. તો **કિસ (પુરુષ)કો (વહ જ્ઞાન) તત્કાલ (હી) યથાર્થપનેકો પ્રાપ્ત ન હોગા ?** આહાહા! સમજમેં આયા ? ઐસા ઉસકે ખ્યાલમેં આયા.

જીવ તો ઐસા બતાતે હૈં પ્રભુ. પરમાત્મા તો જીવકો ઐસે હી કહતે હૈં. જીવ તો ચૈતન્યસ્વરૂપ, આનંદસ્વરૂપ, વીતરાગસ્વરૂપ, રાગ, શરીર, કર્મસે ભિન્ન બતાતે હૈં ભગવાન તો. ઐસા ભગવાનકા નિમિત્ત મિલા. તીર્થંકરકી વાણી ઔર ઉસ વક્ત ઉપાદાન હોકર પ્રગટ ક્યોં ન હો ? એમ કહતે હૈં. કરેગા, આવે છે ને પાઠમાં ? **जदि दाएज्ज पमाणं** અમારું તો નિમિત્ત છે. ઉપાદાન પ્રમાણ કરજે. પ્રમાણમાં લાવજે. એમ નિમિત્ત-નૈમિત્તિક સંબંધ સિદ્ધ કરે છે. **जदि दाएज्ज** મૈં બરાબર સ્પષ્ટ કિયા આત્માકો. વિભક્ત ઔર સ્વસે એકત્વ, પરસે ભિન્ન ઔર સ્વસે એકત્વ. આત્માસે સ્વભાવ એકત્વ, પરસે-રાગસે ભિન્ન. બતાવું તો પ્રમાણ કરજે. આવે છે ને ? પ્રમાણ કરજે એટલે ? અનુભવમાં લેજે.

આહાહા ! મહારાજ ! ઓલા રાજા કહે, ખાજા ખા ને. એવું છે આ ?..... આવતી હતી ને ઈંદિરાની ? શું કીધું કાંઈ ? શું આવતા હતા ? શું કાંઈ ફળ આવતા હતા ? એવી આવી હતી વાત કે આ ખાઓને. કે તમારી પાસે આવે અમારી પાસે ક્યાં છે ? દ્રાક્ષ દ્રાક્ષ. દ્રાક્ષ લ્યો આ દ્રાક્ષ. ઇંદિરા ગાંધી છે ને અહીંયા એની પાસે દ્રાક્ષ બહુ આવે ને. મોટાં મોટાં માણસો માખણ ચોપડવા મોકલે ઘણાં... પછી એક વખત કહે, તમને અનાજ નથી મળતું તો દ્રાક્ષ ખાઓને. આ દ્રાક્ષ. પણ તમારે દ્રાક્ષ ભાળો છો. અહીં અનાજ ભાળતા નથી. આપણે ઉતર્યા હતાને ત્યાં ભોપાલ ? કેવા મિસરીલાલજી ! એને ત્યાં આવડા ટોપલાં ને ટોપલાં આવે, શું કહેવાય ? ઈ કાંટાવાળા. તમે હતાં કે નહીં ? તે દિ’ તાવ આવ્યો’તો ખાવ, તમે કીધું’તું.... ભોપાલમાં. લીચી શું કીધું તું ? હા, એ ટોપલાને ટોપલાં આવે. આ લીચું લીચું લીચું નામનું ફળ. આ મિસરીલાલજી. ભોપાલમાં ગંગવાલ હતા ને. અધિકારી ત્યાં એની ઘરે જ ઉતરેલા ને પછી તાવ

આવેલો, એના ઘરે. ટોપલાના ટોપલાં પડેલાં. પણ ખાવને, ઈ ક્યાંથી ઈ તો અમલદાર છે માટે ટોપલાં આવે. એમ નથી હોં.

શ્રોતા :......

પૂજ્ય ગુરુદેવશ્રી : હા, એમ અહીં તો કહેવાય છે. બાપુ ! તારે ઘરે તેરા ઘરમેં તેરા માલ પડા હૈ. તુજે બહારસે લાના નહીં. મહા અમલદાર તુમ હો. અમલ એટલે મળ વિનાના પ્રભુ આત્મા ચિદાનંદ અમલદાર હૈ. તેરે ઘરે તો માલ આતા હી હૈ...આહાહા! શેઠી! જુઓ, આચાર્ય મહારાજ અમૃતચંદ્રાચાર્ય મુનિ, નવસો વર્ષ પહેલે દિગમ્બર મુનિ જંગલમેં રહતે થે. આ ઉન્હોંને કલશ બનાયા. ઉસકે પહલે કુંદકુંદઆચાર્ય ૨૦૦૦ વર્ષ પહલે ઉન્હોંને વો શ્લોક બનાયા. દિગમ્બર મુનિ દો હજાર વર્ષ પહલે સંવત ૪૯. આ અમૃતચંદ્રાચાર્ય દિગમ્બર મુનિ જંગલમેં વસે...અરે, આત્મા સર્વજ્ઞો ને ઔર મુનિઓને. અમે, એમ કહે છે. જબ ભિન્ન બતાકર તેરી ચીજ આ ઐસા હથેલીમેં એમ દે દે. ઐસે તુજે બતા દિયા. સમજમેં આયા? પરકા સંબંધસે ઉત્પન્ન હોનેવાલા વિકલ્પ ઔર ઉસકા સંબંધ તુજે નહીં. એમ કહતે હૈં. પરકા સંબંધસે ઉત્પન્ન હોને(વાલા) વિકલ્પ ભગવાનકી સ્તુતિ આમ કહતે હૈં, ઉસસે ઉત્પન્ન વિકલ્પ તો પરકે સાથ સંબંધ નહીં, વિકલ્પસે સંબંધ નહીં. વો સંબંધ વ્યવહારસે કહનેમેં આતા હૈ. લૌકિક યુક્તિસે. નિશ્ચયસે યથાર્થમેં બિલકુલ ભગવાન ચિદાનંદ જ્યોતિ વિજ્ઞાનઘન ચૈતન્યસત્તા, રાગસે વિકલ્પસે તદ્દ્ન ભિન્ન હૈ ઐસા તુમકો બતાયા ઔર તેરે ખ્યાલમેં ભી સુનતે હો તો તેરી ઈતની ખ્યાલકી યોગ્યતા તો તેરી હૈ, એમ કહે છે. સમજમેં આયા ?

તો હવે, **જ્ઞાન તત્કાલ હી...**જુઓ, ચૈતન્ય, ચૈતન્ય છે ને વો ? રાગ ભી પ્રગટ થા પરકા સંબંધસે, યે સંબંધ છોડ઼કર તેરા ચૈતન્ય બતાયા. ચૈતન્યકા જ્ઞાન, ચૈતન્ય સ્વરૂપ જ્ઞાનાનંદ તત્કાલ... તત્કાલ નામ સમયકે પ્રમાદ વિના યથાર્થપનેકો જૈસા આત્મા હૈ વૈસા પ્રાપ્ત ક્યો ન હોગા ? જરૂર **(અવશ્ય) હી હોગા.** આહાહા! સમજમેં આયા? ભગવાન અમૃતચંદ્રાચાર્ય મહારાજ, દિગમ્બર મુનિ કહતે હૈં કિ, અરે! આત્મા તુજે હમ બતાયા ન. તુમ ક્યા હૈ, કૈસા હૈ, કહો તુમ નહીં, ઐસે બતા દિયા. હવે કહાં હૈ ઐસા બતા દિયા. વહાઁ શોધ લે. સમજમેં આયા? તુમ તો ચૈતન્યસ્વભાવમેં હો. પુણ્ય-પાપ વિકલ્પ શરીર સંબંધસે હૈ નહીં. જીવ અધિકાર હૈ ન. તુમ ક્યા હો ? કહાઁ હો ? ચૈતન્યસ્વભાવમેં તુમ હૈ. રાગમેં હૈ ? જીવકા અધિકાર, જીવ એટલે જ્ઞાનસ્વભાવકા અધિકાર હૈ. જીવ જ્ઞાનસ્વભાવકે અધિકારવાલા હૈ. ક્યા રાગકા અધિકારવાલા હૈ આત્મા ? જીવ, અજીવકા સ્વામી હૈ ? ઔર જીવ અજીવ કે સંબંધ હૈ ? બિલકુલ ભિન્ન હૈ. તદ્દન. આહાહા ! કહતે હૈ કિ છેલ્લા શબ્દ બહુ જ ટુંકા છે. એને કહે છે ને ! વેગસે. નિજરસ અપને નિજરસકે વેગસે. અપના નિજરસ સ્વભાવ શુદ્ધ ચૈતન્ય ઉસકા બલસે ખિંચાતા હુઆ, અંતરમેં આતા હુઆ પ્રગટ હોનેવાલા મૈં ચૈતન્ય હૂઁ, જ્ઞાનમૂર્તિ મૈં હૂઁ, શુદ્ધ હૂઁ, વહી જીવ હૂઁ. ઐસે એકસ્વરૂપ હોકર વિકલ્પમેં અનેક ભિન્ન-ભિન્ન હોતે થે, સ્વરૂપમેં એકાકાર હુઆ જુઓ, આ સમ્યગ્દર્શન. ઉસકા નામ ભગવાનકી સ્તુતિ, ઉસકા નામ આત્માકા ધર્મ. આહાહા ! સમજમેં આયા ?

ભાવાર્થ :- **નિશ્ચય-વ્યવહારકે વિભાગસે આત્મા ઔર પરકા અત્યંત ભેદ બતાયા હૈ; ઉસે જાનકર, ઐસા.....** જુઓ, **ઉસે જાનકર ઐસા કૌન પુરુષ હૈ.....** ઐસા કૌન પુરુષ

હૈ, **જિસે ભેદજ્ઞાન ન હો ?** સમજમેં આયા ? **હોતા હી હૈ;**..... પરસે ભિન્ન હોતા હી હૈ. હૈ ઐસા બતાયા તો હોતા હી હૈ. સમજમેં આયા ? **ક્યોંકિ જબ જ્ઞાન અપને સ્વરસસે સ્વયં અપને સ્વરૂપકો જાનતા હૈ,...**દેખો. જબ જ્ઞાન એટલે આત્મા, અપને સ્વરસસે. દેખો, અપના સ્વભાવસે, અપની શક્તિસે, અપના બલસે, સ્વયં અપને સ્વરૂપકો જાનતા હૈ, સ્વયં અપના સ્વરૂપકા જ્ઞાન કરતા હૈ.

**તબ અવશ્ય હી (વહ) જ્ઞાન અપને આત્માકો પરસે ભિન્ન હી બતલાતા હૈ.** તબ વો આત્મજ્ઞાન અપને આત્માકો પરસે ભિન્ન હી બતલાતા હૈ. **કોઈ દીર્ઘસંસારી હી હો તો ઉસકી યહાઁ કોઈ બાત નહીં હૈ.** સમજમેં આયા ? જિસકા સંસાર નાશ હો ગયા હૈ ઐસે કેવલીકી વાણી સુનકર, સંસાર નાશ ન હો, ઐસા ચીજ હોતી નહી હમારે. ભગવાનકી વાણીમેં તો સંસારકા નાશ હુઆ હૈ ઐસી બાત આતી હૈ. હમારે સંસાર નાશ હુઆ ઔર તુમ્હારે સંસાર હૈ (નહીં) સંસારકે રાગ આત્મામેં હૈ હી નહીં. ઐસા આયા. ઐસી ભગવાનકી વાણી સુનકર, રાગ તેરેમેં હૈ નહીં, સંસાર તેરેમેં હૈ નહીં. તુમ તો સ્વભાવ ચૈતન્યમૂર્તિ હો. ઐસી દ્રષ્ટિ, ઐસા સુન કરકે કિસે ન હો ? હોતી હી હૈ. હમારે સંસાર નહીં. હમ સંસારમેં નહીં. ક્યા કહતે હૈં ? હમ સંસારમેં નહીં, હમ ઉદયમેં નહીં, શરીરમેં નહીં, હમ સંસારમેં નહીં, હમ આત્મામેં હૈં, આહાહા! કહતે હૈં, આહા! યે ઉસસે ભિન્ન હી બતલાતા હૈ ભગવાન. ભેદજ્ઞાન અપના જ્ઞાન હી અપનેકો પરસે ભિન્ન હી બતલાતા હૈ. ભગવાન બતલાયે ઔર અપનેકો ખ્યાલેં આયા તો અપના જ્ઞાન ભી

પરસે ભિન્ન હી અપનેકો બતલાતા હૈ, એમ કહે છે. ભગવાનને બતાયા ઐસા તુમ હો, વો જ્ઞાનમેં આયા તો જ્ઞાન પરસે ભિન્ન હી બતાતા હૈ અપનેકો આત્માકો.

**કોઈ દીર્ઘ સંસારી હી હો તો ઉસકી યહાઁ કોઈ બાત નહીં (હૈ).....** યહાઁ તો ભગવાનકી વાણીમેં, ભગવાનને તો વિજ્ઞાન ને વીતરાગપના પ્રગટ કિયા. અજ્ઞાન ઔર રાગકા તો નાશ કર દિયા. વો તો અભાવ કર દિયા. જૈસા અંદર ભાવ થા ઐસા ભાવ કરકે પૂર્ણ પ્રાપ્ત કિયા. ઐસા કેવલજ્ઞાનીકી વાણીમેં ઐસા આયા કિ તેરા ભી ઐસા સ્વભાવ હૈ. જિસકો કેવલજ્ઞાન ઐસા હૈ, કેવલદર્શન ઐસા હૈ, ઐસી પ્રતીતિ આયી. ઉસકા ખ્યાલમેં ભી રાગ કે સમય ભી કેવલજ્ઞાન, કેવલદર્શનમય હૂઁ, ઐસી પ્રતીતિ અનુભવ આયે બિના રહતા નહીં. તો સુના ઐસા કહનેમેં આતા હૈ. **ઇસપ્રકાર, અપ્રતિબુદ્ધને જો યહ કહા થા....**અપ્રતિબુદ્ધકે શરીર મૈં હૂઁ અથવા શરીર યે ભગવાન હૈ ઔર શરીરકે સાથ સંબંધ વ્યવહાર સંબંધ બરાબર હૈ. તો શરીરકી સ્તુતિસે ભી આત્માકી સ્તુતિ હોતી હૈ ઐસા કહા થા. યે અપ્રતિબુદ્ધ કહતે હૈં કિ— **''હમારા તો યહ નિશ્ચય હૈ કિ શરીર હી આત્મા હૈ'',.....** હમારા તો પરકા સંબંધ રાગ આદિ વો હી આત્મા હૈ, હમારેકો રાગસે ભિન્ન હમેં પ્રતીતમેં આતા નહીં. **ઉસકા નિરાકરણ કિયા.**

**ઇસ પ્રકાર યહ અજ્ઞાની જીવ.....** દેખો યહાઁ તો અનાદિ કાલકા અજ્ઞાનીકી બાત લીયા હૈ. કેટલાક કહે છે કે સમયસાર ઉંચા ગુણસ્થાન માટે હોય. આઠમા માટે, બારમા માટે. કેટલા વરસ થયા આ બધું છે. **ઇસ પ્રકાર (યહ) અજ્ઞાની જીવ અનાદિકાલીન મોહકે સંતાનસે નિરૂપિત.....** દેખો. અનાદિકાલીન મોહનો પ્રવાહ. એનાથી કહેવામાં આવ્યો. **આત્મા (ઔર)** અને **શરીર(કે)**નો સંબંધ. **એકત્વકે સંસ્કારસે....**બેયના એકત્વના સંસ્કાર મોહને લઈને, ક્યોંકિ

આત્મા ભિન્ન હૈ ઐસા ભાન નહીં. શરીરકે સાથ એકત્વ હૈ, ઐસા સંસ્કાર મોહ, સંસ્કાર, મોહકે કારણસે અનાદિકાલીન સંસ્કાર હૈ. એટલે પર્યાય તો દૂસરી, દૂસરી હૈ પરંતુ પ્રવાહ અનાદિકાલકા સંસ્કાર હૈ. ચૈતન્ય ભિન્ન હૈ. શરીર ભિન્ન હૈ—ઐસા સંસ્કાર નહીં પર શરીર ઔર આત્મા એક હૈ ઐસા સંસ્કાર હૈ, પર્યાયબુદ્ધિ હૈ ન. એમ કહતે હૈં. અપના અપ્રતિબુદ્ધ થા, **અત્યંત અપ્રતિબુદ્ધ થા....**અજ્ઞાની આત્મા શરીર ને આત્મા બેયને એકપણે માનનેકા, મોહકે કારણ અનાદિકાલિન સંસ્કાર થા. અનાદિકાલીન સંસ્કાર થા-સંસ્કાર. વો **(વહ) અબ તત્ત્વજ્ઞાનસ્વરૂપ જ્યોતિ(કા)** કે **પ્રગટ** દેખો,....... અનાદિકાલીન અપ્રતિબુદ્ધ હી પ્રગટ હો ગયા. ઐસે નહીં કિ અનાદિકાલીન થા માટે પ્રગટ ન હો સકે ઐસે નહીં.

**અબ તત્ત્વજ્ઞાનસ્વરૂપ જ્યોતિકા પ્રગટ ઉદય હોનેસે**....કૈસે ? તત્ત્વજ્ઞાન સ્વરૂપ મૈં તો ચિદઘન જ્ઞાન હૂઁ, પુણ્ય-પાપકા વિકલ્પ, રાગ, શરીર મૈં નહીં, નહીં, નહીં, તીન કાલમેં. મૈં શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્રસે ઐસા હી હૂઁ, તત્ત્વજ્ઞાન સ્વરૂપ જ્યોતિ પ્રગટ ઉદય, પ્રગટ ઉદય હોનેસે, જ્યોતિનો પ્રગટ ઉદય હોનેસે, ચૈતન્યજ્યોતિ પ્રગટ થઈ. જો રાગ પુણ્ય પ્રગટ હોતા થા, યહ અજીવ ભાવ થા, યહ ચૈતન્યજ્યોતિ પ્રગટ હુઈ. **(ઔર) નેત્રકે વિકારીકી ભાંતિ (જૈસે કિસી પુરુષકી આંખોંમેં વિકાર થા તબ ઉસે વર્ણાદિક અન્યથા દીખતે થે.....**આંખમેં કમળા હો કે વિકાર હો તો રૂપ જૈસી ચીજ હૈ વૈસી ચીજ દીખતી નહીં. ઉસે વર્ણાદિક અન્યથા દીખતે થે. **ઔર જબ નેત્રવિકાર દૂર હો ગયા તબ વે જ્યોંકે ત્યોં—યથાર્થ દિખાઈ દેને લગે,....** જેમ

છે તેમ દેખવા લાગ્યું. નેત્રનો વિકાર ગયો એટલે જેવી ચીજ છે તેવી દેખાવા લાગી, જેમ છે એમ.

**ઇસીપ્રકાર) પટલ સમાન આવરણકર્મોંકે ભલીભાંતિ ઉઘડ જાનેસે પ્રતિબુદ્ધ હો ગયા....**પટલ સમાન પડળ કીધાને, જેમ પડળ સમાન, નેત્રના વિકારની પેઠે રાગાદિ, પુણ્યઆદિ, પર આદિ મૈં હૂઁ—ઐસા વિકાર જો થા ભ્રાંતિકા વો છૂટ ગયા. ભલીભાંતિ ઉઘડ જાનેસે પ્રતિબુદ્ધ હો ગયા. અરે ! મૈં તો આત્મા હૂઁ, શુદ્ધ જ્ઞાતા-દ્રષ્ટા મૈં હૂઁ, મૈં આનંદ અને શુદ્ધ પવિત્રકા પિંડ હી હૂઁ, મારી પર્યાય ભી પવિત્ર હી હૈ—ઐસા ભાન હુઆ ઉસકા નામ સમ્યગ્દ્રષ્ટિ કહતે હૈં. **ઔર સાક્ષાત્ દ્રષ્ટા આપકો....દેખો. સાક્ષાત્ દ્રષ્ટા આપકો અપનેસે હી જાનકર....** પરસે નહીં, આપકો અપનેસે જાનકર, અપના જ્ઞાનાનંદ સ્વભાવસે અપનેકો જાનકર. વિકલ્પસે, નિમિત્તસે, પરસે નહીં. સાક્ષાત્ દ્રષ્ટા ઐસા હો, એમ વ્યાખ્યા કરી. સાક્ષાત્ દ્રષ્ટા આપકો, એમ.

સાક્ષાત્ દ્રષ્ટા હી હૂઁ, જ્ઞાતા હી હૂઁ ઐસા **આપકો અપનેસે જાનકર તથા શ્રદ્ધાન કરકે,.....** જાનકરકે અને શ્રદ્ધાન કરકે **ઉસીકા આચરણ કરનેકા ઇચ્છુક હોતા હુઆ**....લો....એ સમ્યગ્દર્શન હુઆ. સમ્યગ્જ્ઞાન હુઆ એમ કહતે હૈ અબ ઉસીકા આચરણ કરનેકા, આત્માકા... આત્માકા આચરણ કરનેકા ઇચ્છુક. તો દેખો આત્મા વહ ચારિત્ર અપના સ્વરૂપ. ચૈતન્યવિલાસી. પુણ્ય-પાપકા રાગસે ભિન્ન ઔર સ્વભાવસે અભિન્ન એકરૂપ દેખા તો દ્રષ્ટા-જ્ઞાતા હોકર શ્રદ્ધા-જ્ઞાન હુઆ. ઉસીકા આચરણ કરનેકા ઉચ્છુક હોતા હુઆ. ઉસમેં સ્થિર હોનેકા ઇચ્છુક આત્મામેં આચરણ કરનેકા. પહલે શ્રદ્ધા-જ્ઞાન હુઆ, આચરણ છેલ્લે હુઆ ને ?

એ પ્રશ્ન પહેલા ઉઠ્યો. આ સ્વરૂપ આચરણ વખતે ઈ. આચરણ નહીં, આંહિ તો વિશેષ ચારિત્રમાં. ઈ આચરણની વાત છે. પાઠ વખતે મગજમાં આવ્યું હતું કે આ....ખ્યાલ પહેલો ઉઠ્યો હતો હોં. એટલે કહે છે, હવે આચરણ તો દ્રષ્ટા-જ્ઞાતાનું ન આવ્યું. એમ કહતે હૈં વો. એય ! એ દ્રષ્ટા-જ્ઞાતા તરફની શ્રદ્ધા-જ્ઞાનનું આચરણ એટલું આવ્યું પણ ચારિત્રનું આચરણ નથી એની વાત ચાલે છે. સમજાય છે કાંઈ ?

કાલે અમે કીધું હતું. એના પાઠમાં છે ને ? મૂળ વાત છે.

**स्वयमेव हि विज्ञाय श्रद्धाय च तं चैवानुचरितुकाम: ।**

એમાં અનુસરીને રમવાનું કાર્ય, ઠરવાનું ચારિત્રમાં. જુઓ, સમ્યગ્દર્શન-જ્ઞાન પછી ચારિત્ર હોય છે એમ પણ સિદ્ધ કરે છે ને સમ્યગ્દર્શન ને જ્ઞાન હુઆ તો ઉસકો ચારિત્ર કરનેકી ભાવના હુએ બિના રહતી નહીં. ભાવના કહા ન ? આચરણ કરનેકા ઇચ્છુક હોતા હુઆ, એમ કહ્યું છે ને ? अनुचरितुकामः એમ છે. સમજમેં આયા? આત્મા. આ તો આત્મા-પરમાત્મા વો હી ચૈતન્યરતનને વો હી જગતકા સૂર્ય ને વો હી જગતકા હીરા. આત્મા અપના નિજસ્વરૂપ, જહાઁ ચિદાનંદકા જ્ઞાતા-દ્રષ્ટા હુઆ ઉસમેં રમનેકી..... છે ને ? ઉસકા આચરણ કરનેકી ઉસકા આચરણ કરનેકી, માર્ગકા વિકલ્પ કે ઐસા કરના કિ એમ નહીં. આત્મામેં રમનેકી ઇચ્છા કરનેવાલા, આચરણ કરનેવાલા ઇચ્છુક, એમ કહે છે. સમજમેં આયા ? **ઉસીકા આચરણ કરનેકા ઇચ્છુક હોતા હુઆ પૂછતા હૈ (કિ)....**એમ જ્ઞાનીને ખબર નથી ? પણ એમ શૈલી

લીધી છે. જ્ઞાન હુઆ, દર્શન હુઆ, ચારિત્ર કેમ હોય એને ખબર નથી ? ખબર છે પણ વિનયથી ચારિત્ર લેવા માટે ઝંખના વિશેષ છે, વિનયથી પૂછે છે એવી શૈલી લીધી છે. સમજમેં આયા?

‘**ઇસ સ્વાત્મારામકો અન્ય દ્રવ્યોંકા પ્રત્યાખ્યાન (ત્યાગના) ક્યા હૈ ?**’ મહારાજ! આત્માકા ભાન હુઆ, હવે પચખાણ, પ્રત્યાખ્યાન કહતે હૈં યે ક્યા ચીજ હૈ ? પ્રત્યાખ્યાનકા અર્થ, પરદ્રવ્યકા ત્યાગ, પરદ્રવ્યકા ત્યાગ. પરદ્રવ્યકા ત્યાગના. દ્રષ્ટિમેં તો પરદ્રવ્યકા ત્યાગ હૈ હી. સમજમેં આયા ? સ્થિરતા કરનેસે પરદ્રવ્યકા અભાવ હોકર યહાઁ સ્થિરતા હોતી હૈ. ઐસા પરદ્રવ્યકા ત્યાગ કિસકો કહતે હૈં ? યે ત્યાગના ક્યા હૈ ? ખબર નહીં એમ નહીં હોં. પર ઉસકા સ્વરૂપ મુજે સ્થિરતા નહીં તો સ્થિરતા કૈસે હોતી હૈ ? ઐસા એક પ્રશ્ન ગુરુકે પાસ વિનયપૂર્વક અપના સ્વભાવમેં આચરણ કરનેકા ઇચ્છુક પૂછતે હૈં. સમજમેં આયા ?

સમ્યગ્દર્શન-જ્ઞાન હુઆ તો ચારિત્ર ઐસા સ્વરૂપમેં ઠરના ચારિત્ર. એ ૧૭-૧૮ (ગાથા)માં આવી ગયું નહીં ? ૧૭-૧૮ (ગાથા)માં આવ્યું ને? યે આત્મા આ દર્શન ને જ્ઞાન, આ ઉસમેં આચરણ કરના વો ચારિત્ર. તો નિઃશંકપણે હોતા હૈ ઉસમેં આચરણ કરુંગા તો મુજે લાભ હોગા. ઉસકા આચરણ ઉસમેં આયા હૈ. ૧૭-૧૮ ગાથામેં. આવ્યું છે ? આત્મા જ્ઞાનાનંદ. ચિદાનંદ સ્વરૂપ ઉસમેં ચારિત્રમેં, મૈં રમતા...જેમ રાજાને પ્રસન્ન કરીશ તો મેરે લક્ષ્મી મિલેગી. તો આત્મા રાજા ચૈતન્યમૂર્તિ ભગવાન રાજ્ય તે શોભતે ઇતિ રાજા. અપના આનંદ, ગુણ આદિ જ્ઞાનસે શોભતે ઐસા રાજા, ઉસમેં જો રમુંગા, રમત કરુંગા તો મુજે લાભ હોગા, મેરા મોક્ષ હોગા. ઉસકો પૈસાકા લાભ હોગા, આંહી મોક્ષકી લક્ષ્મીકા લાભ હોગા. એમ નિઃશંક ઠરનેકો સમર્થ હુઆ. ઐસા આયા હૈ. આયા હૈ કિ નહીં ? સમ્યગ્દર્શન-જ્ઞાન હુઆ તો આત્માકો

ઠહરનેકા નિ:શંક હુઆ. પરદ્રવ્યકા ભાવસે ભિન્ન કરકે અપનેમેં ઠરનેકા ભાવ હુઆ, યહાઁ વિનયસે લીયા હૈ.

**'ઇસ આત્મારામકો અન્ય દ્રવ્યોંકા પ્રત્યાખ્યાન (ત્યાગના) ક્યા હૈ ?' ઉસકો આચાર્ય ઇસ પ્રકાર કહતે હૈં (કિ) :—** ગાથા.

सव्वे भावे जम्हा पच्चक्खाई परे त्ति णादूणं ।

तम्हा पच्चक्खाणं णाणं णियमा मुणेदव्वं ।।३४।।

નીચે હરિગીત

सब भाव पर ही जान प्रत्याख्यान भावोंका करे,

इससे नियमसे जानना कि ज्ञान प्रत्याख्यान है ।।३४।।

ઉસકા અર્થ. અન્વયાર્થ. અન્વયાર્થ હૈ ન **(ગાથાર્થ)** શબ્દાર્થ. **જિસમેં, 'અપનેસે અતિરિક્ત સર્વ પદાર્થ પર હૈ' ઐસા જાનકર....**અપના આનંદ જ્ઞાન સ્વરૂપસે રાગાદિ, વિકલ્પ આદિ પર હૈ ઐસા જાના. **ઐસા જાનકર પ્રત્યાખ્યાન કરતા હૈ.....**ઉસકા લક્ષ છોડ઼ દેતા હૈ. પ્રત્યાખ્યાન કરતા નામ રાગકા લક્ષ છોડ઼કર અપનેમેં સ્થિર હોતા હૈ ઉસે **પ્રત્યાખ્યાન જ્ઞાન હી હૈ....**જ્ઞાનમેં ઠરના હો વહી પ્રત્યાખ્યાન હૈ. રાગકો પર જાના. રાગસે હટકર સ્વરૂપમેં ઠરના. વહી પચખાણ, પ્રત્યાખ્યાન હૈ સમજમેં આયા ? જુઓ, આ પ્રત્યાખ્યાન પચખાણ, પચખાણ કહતે હૈ ન ? લો, પચખામ પચખાણ કહાઁસે આતા હૈ ? અપનેમેં જ્ઞાનાનંદ સ્વભાવસે પર રાગાદિકો પર જાના, જાણ્યું,.....જાણ્યું ત્યાંથી લક્ષ હટા દિયા. હટાયા તો આંહિ સ્થિર

હુઆ. સ્થિર હુઆ વો હી પ્રત્યાખ્યાન હૈ. વો પરકા ત્યાગ હુઆ ઐસા કહનેમેં આતા હૈ. વો પરકા ત્યાગ કરતા હૈ ઐસા વ્યવહારસે કહતે હૈં. સમજમેં આયા ?

વિશેષસે સ્થિર હુઆ વો હી પ્રત્યાખ્યાન હૈ. પર રાગકો છોડા કહના, વો ભી વ્યવહારનયસે કહનેમેં આતા હૈ. યથાર્થમેં પરકા લક્ષ છોડા તો પરકા ત્યાગ વો આત્મામેં હૈ નહીં. રાગકા ત્યાગ કરું ઐસા આત્મામેં હૈ હી નહીં. ક્યોંકિ આત્મામેં કહાઁ રાગ હૈ કિ, રાગકા ત્યાગ કરું ? સમજમેં આયા ? સ્વરૂપ જ્ઞાનાનંદ, ચિદાનંદ સ્વરૂપ હૈ, ઉસસે ભિન્ન જાના, જાણ્યા ઐસા વહાઁસે લક્ષ હટા દિયા. આંહિ ઠર્યા, બસ ઠરયા વો ત્યાગ હો ગયા. રાગકી ઉત્પત્તિ બંધ હો ગઈ. ઉસકા નામ પ્રત્યાખ્યાન ને ઉસકા નામ પરકા ત્યાગ કિયા ઐસા વ્યવહારસે કહનેનેં આતા હૈ. સમજમેં આયા ? દેખો.

**એસા નિયમસે જાનના.** નિયમસે જાનના **અપને જ્ઞાનમેં ત્યાગરૂપ અવસ્થા હી પ્રત્યાખ્યાન હૈ,**....ક્યા કહતે હૈં ? અપને ચૈતન્યસ્વભાવમેં રાગકા અભાવ સ્વભાવરૂપકી અવસ્થા હોના વહી પ્રત્યાખ્યાન હૈ. ભારે ! અપના ચિદાનંદ જ્ઞાનસ્વભાવમેં વિકલ્પકા અભાવ, સ્વભાવકા જો પરિણમન હોના, ઉસકા નામ પરકા ત્યાગ અથવા પ્રત્યાખ્યાન કહેનેમેં આતા હૈ. આ તો પચખાણની વાત આવે છે. આ પચખાણ પચખાણ કરે છે ને લાવો પચખાણ. શું પચખાણ ? ક્યાંથી આયેગા ? હાથ જોડના પચખાણ ક્યાં આવ્યા? હાથ એના જડ છે. હાથ જોડ્યું ને? આ પર્યાયકી એકાગ્રતા આંહી થઈ. જેવું રાગ ઉપર લક્ષ હતું, ભિન્ન તો ભાસ્યું'તું, ભિન્ન તો ભાસ્યું'તું. એમ આંહી જે હતું અસ્થિરતા. એ આંહી ઠરી એ રાગનો ત્યાગ એમ વ્યવહારે કહ્યો, બાકી ઠર્યો ઇ પ્રત્યાખ્યાન છે. સમજાણું કાંઈ ? જુઓ, આ પચખાણ. તે પણ

સમ્યગ્દર્શન, જ્ઞાન હુઆ પીછે. શું કે જ્યારે ચારિત્ર હૈ, ત્યારે તો સમ્યગ્દર્શન, જ્ઞાન હુઆ. પીછે રાગ ઉપર જો અસ્થિરતાકા ભાવ થા, વો હટાકર આંહી ઠર્યા ઉસકા નામ પચખાણ.

પર જિસમેં ઠરના હૈ વો ચીજ હી દ્રષ્ટિમેં, જ્ઞાનમેં આયી નહીં. ઠરના કિસમેં ? હટના કિસમેં ? ક્યા કહા, સમજમેં આયા ? જો ચીજમેં ઠરના હૈ, વો ચીજ ક્યા હૈ ? યે તો ખબર નહીં. તો ખબર નહીં તો પ્રત્યાખ્યાન કહાંસે હોતા હૈ ? ઠરના કહાંસે હોતા હૈ ? વો પરસે હટના કહાઁસે હોતા હૈ ? પર મેરેમેં નહીં ઐસા ભાન હુઆ છતાં પરકા લક્ષસે આસક્તિ હૈ. સમજમેં આયા ? તો હવે વો પરકા મેરેમેં નહીં ઐસા ભાન હુઆ તો આ ચીજમેં મૈં ઠરું, યહાઁસે હટું, યહાઁસે ઠરું ઐસી સ્થિતિકા પ્રત્યાખ્યાન કહતે હૈ. વો જ્ઞાનકી દશાકો પ્રત્યાખ્યાન કહતે હૈં. ઐસે નિમિત્તકા વ્યવહાર કથન આયા ઐસા. સમજમેં આયા? ઉસકા નામ પ્રત્યાખ્યાન, ઉસકા નામ ચારિત્ર હૈ. ચારિત્ર કાંઈ બહારસે લુગડા ફેરવી નાખ્યા, નગ્ન હો ગયા. પંચમહાવ્રતકા વિકલ્પ આયા, ચારિત્ર. યે ચારિત્ર-બારિત્ર હૈ નહીં. સમજમેં આયા ?

વો બાત વિશેષ ટીકામેં કહેંગે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

## પ્રવચન નં. ૮૧

### ગાથા-૩૪

મંગળવાર, માગશર વદ ૫, તા. ૧૦-૧૨-'૬૮

પ્રત્યાખ્યાન કોને કહેવું ? **('આ સ્વાત્મારામને) અન્ય દ્રવ્યોનું (પ્રત્યાખ્યાન) (ત્યાગવું) તે શું (છે) ?'** છે ૩૪ ? જુઓ આ બધું અત્યારે આ બધો ગોટો ચાલે છે તેનો ખુલાસો છે આમાં. આ બધા ત્યાગ-ત્યાગ કરે ને ઝવેરચંદભાઈને ત્યાં નહોતા બધા ઓલા સંથારામાં જાતા ? ક્યાં ગયા કપુરભાઈ ? આ ત્યાગ કોને કહેવો ? અન્ય દ્રવ્યોનો ત્યાગ કોને કહેવો? અન્ય દ્રવ્યના ત્યાગરૂપ અભાવભાવ સ્વભાવ શું ચીજ છે ? આ પચખાણ, પચખાણ કરે છે ને ? શેઠી ! પચખાણ કરો. પચખાણ કર્યા, ત્યાગ કર્યો. કોને કહેવો પણ ત્યાગ ?

શ્રોતા : દિગમ્બરમાં પચખાણ છે ને ?

પૂજ્ય ગુરુદેવશ્રી : દિગમ્બરમાં પચખાણ નથી ? પણ પચખાણનું સ્વરૂપ શું છે તેની ખબર નથી લોકોને. એ કહે છે. જુઓ, માથે મથાળું. આત્મારામને અન્ય દ્રવ્યોનું, સ્વ આત્મારામને, એમ છે શબ્દ. મથાળું છે માથે ૩૪માં. **આ સ્વાત્મારામને...** એમ વાત છે. આહીં એને બેય રીતે સિદ્ધ કર્યું છે. **આ સ્વાત્મારામને.** સ્વ આત્મારામને, છે ને અંદર ? સંસ્કૃતમાંય છે. છે ને ? આ **સ્વાત્મારામને અન્ય દ્રવ્યોનું ત્યાગવું....** અન્ય દ્રવ્યોનો ત્યાગ એનું શું સ્વરૂપ ? અન્ય દ્રવ્યોનો ત્યાગ એની શું રીત ? **તે શું છે ? તેને આચાર્ય આ પ્રમાણે કહે છે** :—એની ટીકા. ટીકા આપણે એનો અર્થ ચાલી ગયો છે. ટીકા છે ને આ. જુઓ, આ ત્યાગ ને પ્રત્યાખ્યાનમાં એનું શું સ્વરૂપ છે વાસ્તવિક, એની વાત ચાલે છે. આ આત્માને સમજ્યા વિના તો છોડું, આ છોડું, આ છોડું, કે આ રાગ છોડું કે આ છોડું—એ બધો મિથ્યાત્વભાવ છે.

શ્રોતા : ધર્મ તો થાય ને ?

પૂજ્ય ગુરુદેવશ્રી : મિથ્યાત્વભાવમાં વળી ધર્મ ક્યાં થાતો હતો ?

શ્રોતા : પ્રત્યાખ્યાન થાય ને ?

પૂજ્ય ગુરુદેવશ્રી : પ્રત્યાખ્યાન ક્યાં પણ હતું ? આ છોડું, આ છોડું એ તો અપ્રત્યાખ્યાન છે. મિથ્યાત્વભાવ એટલે અપ્રત્યાખ્યાન છે. કહો, સમજાય છે કાંઈ ? આ ચીજ છોડું, આ ચીજ છોડું એ તો નથી પણ આ રાગ છોડું એ નથી એમાં. એમ કહે છે. આંહી તો જ્ઞાનસ્વરૂપ છે, એને રાગ છોડું એ પણ નામમાત્ર છે. વસ્તુ. રાગ છોડું એ પણ એના સ્વરૂપમાં નથી. જડ તો ક્યાં છોડવું રહ્યું ? વસ્તુ જે જ્ઞાયક સ્વભાવ, ચિદાનંદ સ્વભાવ છે, એને રાગ છોડો છે. આ, એ પણ એમાં નથી. કારણ કે રાગ છોડવો. એ રાગ ક્યાં અંદર સ્વભાવમાં આવ્યો હતો ? વસ્તુ અને વસ્તુનો સ્વભાવ એમાં રાગ ક્યાં એકત્વ હતો કે રાગ છોડે ? એકત્વ હોય તો એને છોડે, પૃથક્ કરે. એમ કહે છે. સમજાણું કાંઈ ? ભગવાન.

જુઓ, આંહીથી ઉપાડે છે. **આ ભગવાન જ્ઞાતા (-દ્રવ્ય) (આત્મા)**....ટીકા. આ ભગવાન જ્ઞાતા વસ્તુ, આ તો પહેલી વસ્તુ આ છે આત્મા, જ્ઞાતા ચૈતન્યમૂર્તિ જાણનાર, દેખનાર એ સ્વરૂપ છે. ચૈતન્ય જાણનાર, દેખનાર છે. જ્ઞાતા-દ્રષ્ટા સ્વરૂપ છે. **તે અન્યદ્રવ્યના સ્વભાવથી થતા**.... કર્મ અને એના નિમિત્તથી થતા **અન્ય સમસ્ત પરભાવો(ને)**,..... પુણ્ય-પાપના વિકલ્પો, દયા-દાનના વિકલ્પો, શુભ-અશુભ આદિ ભાવ. આ તો એમ કહે, જો આ છોડ્યું એ વિકલ્પ છે. એ વિકલ્પપણે પણ આત્મા થતો નથી એમ સિદ્ધ કરવું છે. એને ઠેકાણે મેં

આ છોડ્યું, મેં આ છોડ્યું એવો જે વિકલ્પ છે, એ વિકલ્પ છે એ મિથ્યાત્વ વિકલ્પ છે એમ કહે છે. કારણ કે છોડવું એવું સ્વરૂપમાં છે જ નહીં. સ્વરૂપ રાગના ભાવપણે કદી થયો જ નથી. પરના પર્યાયપણે કે રાગપણે વસ્તુ થઈ નથી. તો વસ્તુ તે પણે થઈ નથી. તો આને છોડું એ દ્રષ્ટિ મિથ્યાત છે શેઠી ! રાગ આતા હૈ તો કહેતા હૈ કિ આત્મા રાગરૂપ હોતા હી નહીં કભી. દ્રવ્યસ્વભાવ, વસ્તુ સ્વભાવ, જ્ઞાતા સ્વભાવ.

દેખો. **અન્યદ્રવ્યના સ્વભાવથી થતા** એ વિકલ્પ શુભ-અશુભ ભાવ એ **અન્ય સમસ્ત પરભાવોને**,.... અન્ય સમસ્ત પરભાવ, પુણ્ય-પાપના વિકલ્પને **તેઓ પોતાના સ્વભાવભાવ વડે નહિ વ્યાપ્ત હોવાથી....** તેઓ એટલે પણ્ય-પાપના વિકલ્પ આદિ, રાગ આદિ. **તેઓ પોતાના સ્વભાવભાવ વડે નહિ વ્યાપ્ત હોવાથી....**તેઓ પોતાના આત્મસ્વભાવ વડે એમાં વ્યાપ્ત થતાં નથી. એ તો પર ભિન્ન રહી જાય છે. આ મેં છોડયું, મુક્યું, પરનું એ તો નહીં, પણ વિકલ્પ જે છે એ ભિન્ન રહી જાય છે. સ્વભાવમાં છે નહીં. પરભાવોને તેઓ પોતાના સ્વભાવ વડે નહિ વ્યાપ્ત હોવાથી રાગાદિ આત્માના સ્વભાવપણે થતાં નથી. પુણ્ય-પાપના વિકલ્પો આત્માના સ્વભાવપણે વ્યાપ્ત પસરતા–થતાં નથી. કહો, સમજાણું કાંઈ ? કહો શાંતિભાઈ ! આ બધા ત્યાગ-ત્યાગ કરે છે ને. એય, ન્યાલભાઈ ! જુઓ, આ રસનો ત્યાગ.

ત્યાં કહે છે : **તેઓ પોતાના સ્વભાવભાવ વડે નહિ વ્યાપ્ત હોવાથી....** આત્માના સ્વભાવભાવ વડે પોતે વ્યાપ્ત થતાં નથી. અને રાગ એ એનો એવો ભાવ છે કે આ એના સ્વભાવ વડે વ્યાપ્ત થાય નહિ. ચૈતન્ય ભિન્ન તત્ત્વ છે. જ્ઞાન સ્વરૂપ ચિદાનંદ આત્મા એ પોતે રાગના ભાવે વ્યાપ્ત થતો નથી ને રાગ આના સ્વભાવભાવ વડે વ્યાપ્ત થતો નથી. બે ભિન્ન છે

ચીજ તદ્દન. સમજાય છે કાંઈ ? હજી આ ખબર જ ન મળે ત્યાં પચખાણ કેવો ને ત્યાગ કેવા ? એમ કહે છે. પણ ચીજ તો પર રહી ગઈ. પણ પરના નિમિત્તથી થતા અથવા કર્મના નિમિત્તથી થતા શુભ-અશુભ વિકલ્પો છે જે રાગ, એ અન્ય સમસ્ત પરભાવોને તેઓ પોતાના સ્વભાવભાવ વડે નહિ વ્યાપ્ત હોવાથી વિકારી ભાવ વિકલ્પભાવ પોતાના સ્વભાવભાવ વડે આત્માનો સ્વભાવભાવ છે. એ વળી પ્રસરતા—આવતા નથી. એમાં આવતા નથી, પરિણમતા નથી, થતા નથી, વ્યાપ્ત થતા નથી. ભિન્ન જ રહે છે. ધીરુભાઈ ! ભારે વાત આ ! મોટો ગોટો છે ને અત્યારે. આ ત્યાગ કર્યા. શેના ત્યાગ કર્યા ? સમકિત ને આત્માનો ત્યાગ કર્યો. સમજાણું કાંઈ ?

કે આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ છે. જ્ઞાન-દ્રષ્ટા સ્વરૂપ સ્વભાવ છે. એ ભગવાન આત્મા. **અન્યદ્રવ્યના સ્વભાવ(થી થતા અન્ય) સમસ્ત પરભાવોને, તેઓ પોતાના સ્વભાવ(ભાવ) વડે નહિ વ્યાપ્ત હોવાથી...**આવો તો હજી નિર્ણય કરે છે. નિર્ણય આવે છે ને, સમજાણું કાંઈ ? હું એક આત્મા છું. ચિદાનંદ આનંદ કંદ જ્ઞાતા-દ્રષ્ટા, તે પરભાવ છે તે મારા સ્વભાવ વડે આવતા નથી. મારા સ્વભાવમાં આવતા નથી ને મારો સ્વભાવ એ પણે થતા નથી. સમજાણું કાંઈ ? લ્યો, આ શરીર, વાણી, મનને આહાર-પાણી છોડવા એ તો ક્યાંય રહી ગઈ વાત, કહે છે. સમજાણું ? એ કંઈ આત્માના સ્વભાવમા આવતા નથી. તે અને આત્માનો સ્વભાવ તે પણે થતો નથી. તદ્દન ભિન્ન રહે છે. આહાહા! ધીરેથી સમજવા જેવી ચીજ છે આ. ત્યાગ કરો, ત્યાગ કરો. શેનો ? કે પરનો. પરનો ત્યાગ કરવાની વૃત્તિ ઉઠે છે, ત્યાં જ આત્મામાં સ્વભાવનો

ત્યાગ દ્રષ્ટિમાં થઈ જાય છે. આત્માનો ત્યાગ થઈ જાય છે દ્રષ્ટિમાં, એમ કહે છે. આ અજર પ્યાલા છે આ. આત્માનો ત્યાગ એટલે મિથ્યાદ્રષ્ટિ થઈ જાય છે એમ કહે છે. સ્વભાવથી વ્યાપ્ત ને. આહીં ત્યાગ થઈ ગયોને દ્રષ્ટિમાં. આને છોડવું એવો જે વિકલ્પ ઉઠ્યો, વિકલ્પ ઉઠ્યો તો અહીં સ્વભાવનો ત્યાગ થઈ ગયો એની દ્રષ્ટિમાં. આત્માનો ત્યાગ થઈ ગયો. કરો નક્કી. શું કહ્યું સમજાણું કાંઈ ?

શ્રોતા : .......

પૂજ્ય ગુરુદેવશ્રી : જાણે ત્યાગ કરે, અર્થ ક્યા, કે જાણે કે રાગાદિપને મૈં હોતા નહીં અને રાગ મેરેપને હોતા નહીં. ઐસે જાને. ક્યા ? કે રાગાદિ ભાવ મેરે સ્વભાવપને હોતા નહીં. ઔર મેરા સ્વભાવ રાગપને હોતા નહીં. ઐસે જાને. ઐસે જાને. સમજાય છે કાંઈ ? **અન્ય સમસ્ત પરભાવોને,**..... અન્યદ્રવ્યોના સ્વભાવથી થતાં.....**તેઓ પોતાના સ્વભાવભાવ વડે નહિ વ્યાપ્ત હોવાથી પરપણે જાણીને,....** જુઓ, રાગાદિના વિકલ્પો મારા સ્વભાવપણે થતાં નથી તેથી તે પર છે એમ જાણ્યું, પર છે એમ જાણ્યું. મારે એને છોડવા છે કે નહીં. એમ નહીં પણ પરપણે જાણ્યું એમ કહે છે. આંહી તો. આહાહા ! સમજાણું કાંઈ ?

શ્રોતા :......

પૂજ્ય ગુરુદેવશ્રી : એમાં પણ જાણ્યું. બસ એ જાણવામાં રહ્યો. ઓલું છૂટી ગયું એને નિમિત્તથી, વ્યવહાર સંજ્ઞાથી કહ્યું કે આણે આ રાગ છોડ્યો. ખરેખર રાગ છોડ્યો એ વસ્તુમાં છે જ નહીં. વસ્તુમાં ક્યાં રાગ એક થઈ ગયો છે તે છોડ્યો ? એમ કહે છે.

શ્રોતા :....

પૂજ્ય ગુરુદેવશ્રી : પણ એક થાય જ નહીં ને, એમ કહે છે આંહી તો. એક થયાં જ નથી. માન્યા છે એ જુદી વાત છે. માન્યતામાં માન્યું છે કે હું રાગ છોડું ને રાગ મારામાં હતો અને હું છોડું એ તો માન્યતા હતી. સમજાણું કાંઈ ?

શ્રોતા :.....

પૂજ્ય ગુરુદેવશ્રી : વો ભિન્ન હૈ. દ્રવ્ય સ્વભાવસે ભિન્ન ભાવ હૈ. દ્રવ્ય સ્વભાવરૂપ તત્ત્વ વો રાગ હુઆ હી નહીં. રાગ તત્ત્વ દ્રવ્ય સ્વભાવરૂપ હુઆ હી નહીં. જ્ઞાન સ્વભાવરૂપ તત્ત્વ રાગરૂપ તત્ત્વરૂપ હુઆ નહીં. વો રાગ તત્ત્વ આસ્રવ તત્ત્વ હૈ. યે જ્ઞાન જ્ઞાતા-દ્રષ્ટા સ્વભાવ હૈ. કહો. સમજાય છે કાંઈ ?

કપૂરભાઈ ! હજી ખબર નથી કે આત્મા શું રૂપે થયો છે ને શું રૂપે છે? ને શું રૂપે થતો નથી ? જે રૂપે થતો નથી તેને છોડવું, એ કહે છે કે એ તો નામમાત્ર છે એમ કહે છે અહીંયા તો એમ નિર્ણય કરીને કહ્યું ને. નિર્ણય એમ પહેલો કરે કે વિકલ્પ પર તો નહીં. કાંઈ આ દાળ, આ રોટલા છોડ્યાને ઢીંકણું છોડ્યું ને એ તો કાંઈ વાત જ નથી. કારણ કે એ તો અજીવ તત્ત્વ છે. પણ આસ્રવ તત્ત્વનો જે વિકલ્પ ઉઠ્યો, વૃત્તિ ઉઠી એ આત્માના સ્વભાવપણે થઈ નથી. અને આત્મનો સ્વભાવ તે રૂપે થયો નથી. થયો જ નથી. જ્ઞાની તો જ્ઞાનરૂપે જ રહ્યો છે. સમજાણું કાંઈ ?

એ પર્યાયમાં છે. રાગની ઉત્પત્તિ કીધી ને, પણ એ પરભાવ છે સ્વભાવ નહીં એમ. ઉત્પત્તિ તો છે. પણ ઉત્પત્તિ એ પરભાવરૂપ છે, સ્વભાવરૂપ નથી. સ્વભાવરૂપ હોય તો તન્મય

એકાકાર થઈ જાય. તો કોઈ દી' છુટા પડે નહીં. એ સ્વભાવ છે એ રાગરૂપે થતો જ નથી. એમ કહે છે. આંહી તો એટલી વાત છે. રાગ થાય છે એ પર્યાયમાં થાય છે. પણ સ્વભાવ રાગરૂપ થયો નથી. અને વસ્તુ ત્રિકાળ સ્વભાવ છે, એ રાગ આ રૂપે આવતો નથી. રાગનો જ એવો સ્વભાવ છે કે રાગ આત્માના સ્વભાવરૂપે થાય નહીં. આત્માનો એવો સ્વભાવ છે. એ તત્ત્વનો એવો સ્વભાવ છે કે આત્મતત્ત્વરૂપે થાય નહીં ને આત્માનો એવો સ્વભાવ છે કે રાગ તત્ત્વરૂપે થાય નહીં. તત્ત્વ ભિન્ન છે ને. સમજાણું કાંઈ ? ખબર જ કે દિ' ? અને માની લીધા, ઉપવાસ કર્યા ને, સામાયિક કર્યા, પોષાને પડિક્કમણા ને. શેઠી ! આ અમારા શેઠી, લ્યોને, મોટા જયપુરના દિગંબર કહેવાય. તો ય ભાન કાંઈ નહોતું.

હવે બીજું બોલ અસ્તિથી લે છે. કહો શેઠી ! ભગવાન આત્મા, જ્ઞાતા..... એમ લીધું ને. પહેલું જુઓને. **જ્ઞાતા-દ્રવ્ય** લીધું છે. સમજ્યા ને ? એટલે કૌંસમાં **આત્મા** લીધો. આત્મા જાણનાર દ્રવ્ય છે, વસ્તુ છે, જાણનાર–દેખનાર વસ્તુ છે, જાણનાર–દેખનાર વસ્તુ છે. રાગરૂપ વસ્તુ છે કે પરરૂપ વસ્તુ છે એ ? (નહિ) સમજાણું કાંઈ?

**આ ભગવાન જ્ઞાતા** વસ્તુ, **તે અન્યદ્રવ્યના સ્વભાવથી થતા...** અન્યદ્રવ્યના સ્વભાવથી થતા, પુણ્ય-પાપના વિકલ્પો, દયા, દાન, વ્રતના વિકલ્પો, વિકલ્પ હોં એ રાગ. **અન્ય સમસ્ત પરભાવોને, તેઓ પોતાના સ્વભાવ(ભાવ) વડે નહિ વ્યાપ્ત હોવાથી....** તેઓ રાગ છે, તે આત્માના સ્વભાવ વડે નહીં થતા હોવાથી, **પરપણે જાણીને,...**એ તો પર છે એમ જ્ઞાનમાં આવ્યું. જ્ઞાતાપણાનું જ્ઞાન સ્વપણે છે એમ આવ્યું. જ્ઞાતાપણાનું જ્ઞાન રાગ પરપણે છે, પૃથક્ છે, એમ જ્ઞાનમાં અસ્તિમાં રહીને, રાગ પૃથક્ છે, મારામાં નથી એમ જાણ્યું. એ

જાણનારને પછી કહેશે હજી તો. હજી તો જાણીને પછી ઠરે છે. આ પર છે એટલે પરરૂપે પરિણમતો નથી. સ્વરૂપે પરિણમે છે. એ જ્ઞાનસ્વરૂપે પરિણમ્યો એ પ્રત્યાખ્યાન છે. સમજાણું કાંઈ ?

**પરપણે જાણીને.** ભગવાન આત્માનો સ્વભાવ, એ રાગ છે. વિકલ્પ છે તે મારા સ્વભાવપણે થવાને લાયક જ નથી. તેઓ પોતાના સ્વભાવભાવ વડે નહિ વ્યાપતો હોવાથી, પરપણે જાણે છે. જ્ઞાતાદ્રવ્ય રાગને પરપણે જાણે છે. સ્વની પર્યાયમાં છે એમ એ જાણતો નથી એમ કહે છે આંહી તો. સમજાણું કાંઈ ?

**જાણીને, ત્યાગે છે,**.....એટલો શબ્દ છે જુઓ, પાઠમાં છે જુઓ, **ज्ञात्वा प्रत्याचष्टे.** છે ને ? **ज्ञात्वा प्रत्याचष्टे** એનો અર્થ જ, જાણે છે ને ત્યાગે છે. એટલે શું હવે ? જાણીને ત્યાગે છે એ હજી નિર્ણય કરે છે. હજી તો આત્મા નિર્ણય કરે છે કે જે જાણનાર છે, જ્ઞાતા-દ્રષ્ટા છે એ રાગ જે છે એ મારા સ્વભાવપણે આવ્યા- થવાને લાયક છે જ નહીં. મારા સ્વભાવપણે થવાને લાયક એ છે જ નહીં અને મારો સ્વભાવ છે એ રાગપણે થવાને લાયક નથી. એ તો જ્ઞાતા-દ્રષ્ટા છે એમાં આવી ગયું. સમજાણું કાંઈ ? જે છૂટી જાય છે એ મારાપણે થયેલાં નથી. માટે એ પર છે એમ જ્ઞાતાપણે જાણ્યું. જાણીને એને છોડ્યું. છોડ્યું એટલે કે આંહી ઠર્યો. આમ છે ને આ પર છે એટલે આંહી ઠર્યો એટલે ત્યાગે છે એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ ? ભારે !

**તેથી જે પહેલાં જાણે છે**....લ્યો. જુઓ, તેથી જે પહેલાં જાણે છે પહેલાં જાણનારો જાણે છે કે આ રાગ પર છે. કે રાગ જાણે છે ? જાણવામાં પહેલાં જાણે છે કે પુણ્ય, વિકલ્પ

આદિ છે એ પર છે, એમ પહેલાં જાણે છે **તે જ પછી ત્યાગે છે,...** એટલે જાણનાર જાણવામાં ઠરે છે એમ કહે છે. આ રાગ પર છે એમ જાણનારે જાણ્યું એનો એ જાણનારો ઠરે છે એમ કહે છે. એનો એ જાણનારો ઠરે છે, એ ઠરે છે એ ત્યાગે છે એમ કહેવામાં આવે છે. આ ત્યાગે શું કીધું આ, એ પહેલાં જાણે છે. એ જાણે છે, એ ઠરે છે. એનો અર્થ જ એ છે એ આવે છે. એ આવે છે, જુઓ. પછી ત્યાગે છે, **બીજો તો કોઈ ત્યાગનાર નથી...** જાણનાર, જાણનાર, પરને જાણીને જાણનાર જાણવામાં રહ્યો. એનો કોઈ ત્યાગનાર બીજો તો કોઈ છે નહીં.

જુઓ,—**એમ આત્મામાં નિશ્ચય કરીને,....** દેખો હજી તો આવો આત્મામાં નિશ્ચય કરીને, જાણનાર, જાણનારે રાગને છોડ્યો એમ કહેવું એ પણ વ્યવહાર કહેશે. જાણનારે જાણ્યું કે રાગ આ છે ને જાણનાર જાણનારમાં રહ્યો, રાગ ન થયો. રાગરૂપે વ્યાપ્ત ન થયો. એ જાણવાનું જ્ઞાન થયું. એનું નામ પ્રત્યાખ્યાન છે. છે ને...? છેલ્લું એ આવશે. જુઓ. **પ્રત્યાખ્યાન જ્ઞાન જ છે.** એ જ કહે છે મૂળ તો. આંહીથી લઈને આંહી ઉપાડ્યું છે. આહાહા...! આંહી તો એમ કહેવું છે કે રાગરૂપે પરિણમ્યો નથી તો પછી રાગને લક્ષ કરીને રાગને છોડવું, એ દ્રષ્ટિ ત્યાં હોતી નથી. એમ કહે છે. રાગપણે, રાગ સ્વભાવપણે થયો નથી. તો રાગને આ છોડવું એવું લક્ષ પર ઉપર જાય એ વસ્તુમાં નથી એમ કહે છે. વસ્તુ આ પ્રમાણે જ્ઞાતા-દ્રષ્ટા છે એમ આમ જ્યાં રહ્યો, ત્યાં રાગ ઉત્પન્ન થતો નથી એમ જાણનારે પહેલું જાણ્યું, એ એમાં ન પરિણમ્યો એટલે એ રૂપ ન થયો અથવા જોડાવું નહીં. એ ત્યાગે છે એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ ? ક્યાં પણ આ બધી, વિચારવું, નિર્ણય કરવો, આંહી તો નિર્ણય કરીને પહેલી વાત કીધી, જુઓ.

એથી જે પહેલાં જાણે છે, પહેલાં કોણે જાણ્યું ? જ્ઞાને. શું જાણ્યું ? કે હું જ્ઞાન છું, એ રાગ મારારૂપે થયો નથી. રાગ વિકલ્પ છે એ મારારૂપે થયો નથી. અજીવ, શરીર, વાણી, દાળ, ભાત તો મારારૂપે થયા નથી. એટલે મારે એને છોડવા એ વાત રહેતી નથી. સમજાણું કાંઈ ? **પરપણે જાણીને ત્યાગે છે....** એટલે પરપણે જાણીને ત્યાગે છે. એટલે તેમાં જોડાતો નથી. અને જ્ઞાનમાં રહે છે એમ એનો અર્થ છે. **તેથી જે પહેલાં જાણે છે,....**જે પહેલાં જાણે છે. જાણનારો જ્ઞાતા-દ્રષ્ટા જાણે છે કે રાગરૂપે આ થયો નથી ને રાગ મારા રૂપે થયો નથી. **તે જ પછી ત્યાગે છે.....**એટલે એમાં જોડાતો નથી. અર્થ એમ કહે છે. પહેલાં જાણે છે તે પછી ત્યાગે છે. અસ્તિ જ્ઞાતા-દ્રષ્ટા છે. એમાં ઠરે છે ને રાગરૂપે થતો નથી.

**બીજો તો કોઈ ત્યાગનાર નથી.....**જાણનાર તેમાં જોડાતો નથી. જાણનાર જ પરપણે જાણ્યું તો એમાં પરપણે થતો નથી ને સ્વપણે થાય છે. એનું નામ પ્રત્યાખ્યાન છે. એમ કહે છે. આહાહા ! સમજાણું કાંઈ ? ઝવેરચંદભાઈ ! આ બધું જાણવું પડશે હોં સાચું. બહાર ત્યાં સમજ્યા વિના સાચું હાથ નહીં આવે. વાત તો સાચી છે ને ? કપૂરભાઈ ! ત્યાં તો મોટા શેઠ કહીને બેસાડે મોઢાં આગળ. ખબર ન મળે કાંઈ ?

શ્રોતા : એ લોકોને કામ છે એટલે બોલાવે જ ને.

પૂજ્ય ગુરુદેવશ્રી : એ વાત સાચી. પણ આ તત્ત્વ શું છે, પ્રત્યાખ્યાન કોને કહેવાય, દ્રવ્ય કોને કહેવાય ? પ્રત્યાખ્યાન કેમ થાય ? કે જે રૂપે થતો નથી તે રૂપે ન થયો અને સ્વરૂપે થયો માટે પ્રત્યાખ્યાન છે. આહાહા ! આ તો હાથ જોડો, લ્યો પચખાણ, એ પચખાણ નહીં. હાથ

જોડવાનો અર્થ, જે જ્ઞાતા-દ્રષ્ટા છે એવું જે ભાન થયું એ રાગમાં ન જોડાતા, જ્ઞાન જ્ઞાનમાં ઠરે. એની પર્યાય ઠરે. એ હાથ જોડ થઈ ગઈ. જ્ઞાતા-દ્રષ્ટા જે છે એને જાણ્યું કે આ રાગ, આ રાગપણે હું થયો નથી ને રાગ મારાપણે થયો નથી. એ જ્ઞાન, જ્ઞાનપણાની પર્યાયમાં સ્થિર થયો, એ જ્ઞાનની પર્યાયને આત્મામાં સ્થિર થયો તે હાથ જોડ થઈ ગઈ. એનું નામ પ્રત્યાખ્યાન છે. પર્યાયને દ્રવ્ય એક થઈ ગયું એમ કહે છે. સમજ્યા ને? રાગમાં એ જરી થાતો તો, છતાં રાગરૂપે થયો તો નથી હું, એમ કહે છે. રાગ, રાગરૂપે રહ્યો છે. એને મેં જાણ્યું કે મારામાં એ છે નહીં ને એ રાગ મારારૂપે કોઈ દિ’ ત્રણ કાળમાં થયો નથી. આહાહા ! થયો નથી માટે તેમાં જોડાતો નથી. પણ જેમાં છું એમાં રહું છું, એમ કહે છે. જેમાં છું જાણનાર એમાં હું રહું છું. એ પ્રત્યાખ્યાન છે. સમજાણું કાંઈ ?

એનો અર્થ એ થયો કે રાગરૂપે હું નહીં. ને મારારૂપે પુણ્ય (નહીં) પુણ્ય હોં. દયા-દાનનો વિકલ્પ છે એ મારારૂપે થયો નથી. હું તો જ્ઞાતા-દ્રષ્ટાપણે રહ્યો છું ને હું જ્ઞાતા-દ્રષ્ટાપણે જે રહ્યો છું એ રહ્યો છું એ આ જાણું છું કે આ છે. આ એ જાણે છે કે આ છે એટલું. હવે. જ્ઞાતા-દ્રષ્ટાપણે જાણ્યું હતું એને પોતાના લક્ષમાં વિશેષ એકાગ્ર થયો. વસ્તુ જે લક્ષ છે એમાં વિશેષ એકાગ્ર થયો. એટલે જે દ્રવ્ય છે તેમાં એકાગ્ર થયો એટલે લક્ષ ઉપર વધારે જોર આવ્યું, દ્રષ્ટિમાં જે જોર હતું, એના કરતા લક્ષમાં જે દ્રવ્ય જ્ઞાતા એનું વધારે જોર આવ્યું એટલે ત્યાં ઠર્યો, ઠર્યો છે એટલે ત્યાં રાગ નથી આવતો. એ રાગ આને છોડ્યો એમ નામ માત્ર કથન છે રાગ છોડવાનો. ખરું તો સ્વલક્ષમાં આવ્યો ને ઠર્યો છે એનું નામ પ્રત્યાખ્યાન છે. સમજાણું કાંઈ ? ભારે.

હજી તો ત્યાગને પ્રત્યાખ્યાનની શું સ્થિતિ છે એને સમજવી નથી, છોડો, છોડો, છોડો, આત્માને. દ્રષ્ટિમાંથી છોડે છે ને. જ્ઞાતા-દ્રષ્ટા તે હું નહીં. હું તો કો'કનો કરનારો ને છોડનારો હું, એમ જ્ઞાતા-દ્રષ્ટા તે હું નહીં. હું તો પર સાથે સંબંધ કરનારો ને સંબંધ તોડનારો. સંબંધ કરનારો ને સંબંધ તોડનારો હું. પણ હું તો સંબંધ કરનારો કે સંબંધ તોડનારો નહીં. હું તો જ્ઞાતા-દ્રષ્ટા છું. સમજાણું કાંઈ ? એવી આત્માની દ્રષ્ટિ કર્યા વિના છોડો ને મુકો એવી વાત છે. એણે આત્માનો સ્વભાવ, આત્માનો જે જ્ઞાતા-દ્રષ્ટા સ્વભાવ છે, એને દ્રષ્ટિમાંથી છોડી દીધો છે. સમજાણું કાંઈ ?

એને ત્યાગ થયો છે ભગવાન આત્માનો શ્રદ્ધામાં અને ગ્રહણ થયો છે રાગનો. રાગરૂપે નથી થયો છતાં રાગરૂપે થયો છું એમ માન્યું છે. જ્ઞાતા-દ્રષ્ટા રાગરૂપે થયો જ નથી. છતાં રાગરૂપે હું થયો છું એમ માનીને, રાગને હું છોડું એમ કરવા જાય છે. ત્યાં આખો આત્મા જ્ઞાતા-દ્રષ્ટાપણા છૂટી જાય છે દ્રષ્ટિમાંથી. સમજાણું કાંઈ ? ભારે વ્યાખ્યા જુઓને ! પરભાવ જાણે તે છોડે છે. એમ નિશ્ચય કરીને જાણે છે પહેલાં તે જ પછી ત્યાગે છે. એટલું પણ બીજું તો કોઈ ત્યાગનાર નથી. એ જાણનાર જાણનારે જાણ્યું, તે જાણનાર, જાણનારમાં રહ્યો. એ જ પરનો ત્યાગ છે એમ કહેવામાં આવે છે. એ પરનો ત્યાગ છે એમ કહેવામાં આવે છે. પરપણે થયો નથી પછી પરનો ત્યાગ કરું એ વસ્તુમાં ક્યાં છે ? એમ કહે છે. આહાહા ! સમજાણું કાંઈ ?

પ્રત્યાખ્યાનમાં હવે આત્મામાં આમ નિશ્ચય કરીને આ—**એમ આત્મામાં નિશ્ચય કરીને,...**આત્મા તો જ્ઞાતા-દ્રષ્ટા છે, એ રાગ મારાપણે થયો નથી. એ મારા ભાવમાં આવ્યો નથી

ને મારાં ભાવથી તે ભિન્ન છે એમ જ્ઞાને, જ્ઞાતાએ જાણ્યું. એ જ્ઞાતા જાણનાર એમાં એ જાણનારે જાણ્યું કે આ છે. હવે એ મારામાં નથી એટલે જ્ઞાતાએ પોતાના લક્ષમાં એ વિશેષ એકાગ્ર થયો. એટલે ઓલી વસ્તુ છૂટી ગઈ એને આત્માએ છોડી એમ નામ માત્રથી કથન છે. બાકી પોતે ઠર્યો છે એનું નામ પચખાણ છે. પોતાની, પોતાની ચીજ હતી એ રૂપે એ ત્યાં રહ્યો છે એનું નામ પ્રત્યાખ્યાન. રાગ કાંઈ પોતાની ચીજ નહોતી કે છોડો અને છોડીને આહિં સ્થિરતા થાય, ત્યાગ થાય. છોડીને સ્થિરતા થાય એમ નથી એમ કહે છે. સમજાણું કાંઈ ?

**પ્રત્યાખ્યાનના (ત્યાગના) સમયે પ્રત્યાખ્યાન કરવાયોગ્ય જે પરભાવ...** દેખો. એ સ્વરૂપમાં ઠરવાના કાળે, જ્ઞાતા-દ્રષ્ટા છે. તે રાગરૂપે થયો નથી એવા સ્વભાવના કાળમાં **પરભાવ તેની ઉપાધિમાત્રથી પ્રવર્તેલું ત્યાગના કર્તાપણાનું નામ....** એ આત્માએ રાગ છોડ્યો. રાગ છોડ્યો અને રાગના છોડવાનો કર્તા. એ નામ માત્ર એનામાં છે. કારણ રાગપણે થયો નથી, તો રાગ છોડે છે એ નામ માત્ર કથન છે. વસ્તુ છે એમ છે નહીં. સમજાણું કાંઈ ? જુઓ આ મુદ્દાની રકમ છે આ.

શ્રોતા :.....

પૂજ્ય ગુરુદેવશ્રી : જેને સમજવું એણે સમજવું પડશે ને. રાગનો ત્યાગ કહે છે એનો અર્થ એ થયો કે રાગરૂપે પોતે થયો જ નથી. જો થયો હોય તો રાગ છોડે શી રીતે ? એ રાગ જ મારારૂપે થયો નથી એમ કહે છે. એ ઉદયભાવ મારા સ્વભાવપણે થયો જ નથી એમ કહે છે. સમજાણું કાંઈ ? મારાં સ્વભાવથી વેગળો રહ્યો છે એવો હું જાણનાર છું. વેગળો છે એમ જાણનાર, જાણનારમાં રહ્યો એનું નામ પચખાણ છે. એટલે જાણનાર પહેલો છે એ જ

જાણનાર છોડે છે. છોડે છે એટલે ઠરે છે. આણે છોડ્યું એમ નામમાત્રથી કહેવા માગે છે. સમજાણું કાંઈ ?

આ તો લ્યો, આ લીલોતરી નો ખાધી. કરો પચખાણ. લ્યો, થઈ ગયું પાંચમું ગુણસ્થાન તમારું. એકપણ પચખાણ હોય તો પાંચમું થઈ જાય. એ, ભગવાનભાઈ ! જુઓ, આ પચખાણની વ્યાખ્યા. કહે છે, પ્રત્યાખ્યાનના કાળે, એમ. એટલે સ્વરૂપમાં પરના, રાગના અભાવ થવાના કાળે પ્રત્યાખ્યાન કરવાયોગ્ય એ જે પરભાવ, રાગ જે છોડવાયોગ્ય છે એવો જે પરભાવ તેની ઉપાધિમાત્રથી, પ્રવૃત્તિ- ઉપાધિમાત્રથી નામ કહેવામાં આવે છે કે રાગ છોડ્યો... આત્મામાં રાગ કેદી' હતો તે છોડે. આહાહા ! એના અસ્તિમાં આત્માના અસ્તિમાં. આત્માની સત્તામાં રાગ, એની સત્તામાં કેદી' હતો કે છોડે. એમ કહે છે. એમાં અજીવ તત્ત્વ–આ દાળ-ભાત છોડવા, આહાર પાણી છોડવા, બાયડી-છોકરા છોડવા, પણ આ તારા અસ્તિમાં કે'દી હતા કે તને છોડે ? એ તો છુટ્ટા જ પડ્યા છે. આહાહા ! સમજાણું કાંઈ ? પ્રત્યાખ્યાનના કાળે પ્રત્યાખ્યાન કરવા યોગ્ય કોણ ?..... એમ ઈ ત્યાગ કરવાયોગ્ય નામથી છે હોં.

**તેની ઉપાધિમાત્રથી પ્રવર્તેલું**....રાગને છોડે છે એ ઉપાધિમાત્રથી કહેવામાં આવે છે. ત્યાગના કર્તાપણાનું નામ—એ રાગને છોડે છે એવો જે **ત્યાગના કર્તાપણાનું નામ (આત્માને) હોવા છતાં પણ,...** નામ હોવા છતાં પણ **પરમાર્થથી જોવામાં આવે તો પરભાવના ત્યાગકર્તાપણાનું નામ પોતાને નથી,...**રાગનો અભાવ સ્વભાવમાં નથી, તો રાગનો અભાવ કરું એવું સ્વભાવમાં, પરના ત્યાગના કર્તાપણાનું નામ ભલે કહો. સંજ્ઞાથી બોલો. વસ્તુમાં એમ

નથી. સમજાણું કાંઈ ? કેવું પ્રત્યાખ્યાનનું સ્વરૂપ વર્ણવ્યું છે, જુઓ ! ઓહોહો ! વાત તો એ કહે છે કે જે કાંઈ છૂટે છે તે રૂપે એ વસ્તુમાં થઈ જ નથી આ રૂપે, થઈ હોય તો છૂટે છે કેમ ? તો પછી જ્ઞાતા તેને જાણે છે કે આ પરરૂપ છે. જાણે છે એ જાણનાર, જાણનારમાં આ પરરૂપ છે એમ કરતા જાણનાર પોતાના લક્ષમાં રહે છે. ઉડી ગઈ વાત. રાગ ઉત્પન્ન થયો નહીં. એને રાગનો ત્યાગ કર્યો એમ નામ-કથન-સંજ્ઞામાત્ર વ્યવહારથી કથન કહેવામાં આવે છે. લ્યો. ઠીક. સમજાણું ?

**પરમાર્થથી જોવામાં આવે તો પરભાવના ત્યાગકર્તાપણાનું નામ પોતાને નથી,...**એ રાગને છોડવાનો એ કર્તા હોં. રાગના ત્યાગનો કર્તા. આ વિકલ્પના ત્યાગનો કર્તા આત્મામાં છે જ નહીં. ગ્રહણપણાનો કર્તા નથી તો ત્યાગપણાનો કર્તા ક્યાંથી આવ્યો. કહે છે. ગ્રહ્યું નથી, એ રૂપે થયું નથી. રાગને પુણ્ય-પાપના વિકલ્પો દ્રવ્યરૂપે થયા જ નથી. એને ત્યાગકર્તાપણું કહેવું એ નામમાત્રથી કથન છે. પરમાર્થથી દેખો તો ત્યાગ કર્તાપણાનું નામ—એ રાગનો નાશ કર્યો કે રાગ છોડયો એવું કર્તાપણું નામ પોતામાં છે નહીં. એ તો જ્ઞાતા-દ્રષ્ટાપણે રહ્યો છે. ઓહોહો ! કહો, સમજાણું આમાં ? જુઓ, આ સમજવા જેવી ચીજ છે. અત્યારે આને નામે, ત્યાગને નામે બહારના ખોખા છોડ્યા ને...... ક્યાં ગયા વીરચંદભાઈ ગયા ? વીરચંદભાઈ ગયા લાગે છે. ઉમરાળા.

પણ આ બધા દીક્ષા, દીક્ષા લે છે એ કાંઈક તો કાંઈક સારું કરવા માટે લેતા હશે ને ! કાંઈક સારું થતું હશે ત્યારે લેતા હશે ને ? જાણવા માટે પ્રશ્ન હોય. કોણ દીક્ષા લે છે ? દખ્યા લે છે. દખ્યા ઊંડા જાય દુઃખમાં. આત્મા વસ્તુ જ્ઞાતા-દ્રષ્ટા દુઃખના પરિણામપણે આત્મા

પરિણમતો નથી એવો આત્મા છે. આહાહા! આ પર છોડયું તો એ રૂપે થયો’તો તે છોડે ? રાગ-રૂપે થયો’તો તે છોડે? એમ કહે છે. ભગવાન તો જ્ઞાનરૂપે રહ્યો છે. શુદ્ધ ચૈતન્યરૂપે જ્ઞાતા-દ્રષ્ટામાં જ્ઞાનભાવથી ભરપૂર રહ્યો છે. એવું જ્યાં ભાન છે, ત્યાં રાગ છૂટી જાય છે. અને આત્માએ છોડ્યો એ તો નામમાત્ર છે. આત્મા તો પરભાવના કર્તાપણું આત્મામાં છે નહીં. આત્મા પોતામાં ઠરે છે તે પ્રત્યાખ્યાન છે. રાગને છોડે છે એ તો નામમાત્ર છે એમ કહે છે. રાગ છોડે એ નામમાત્ર છે અને ઠરે છે એ યથાર્થ પ્રત્યાખ્યાન છે. એ જ્ઞાનસ્વરૂપ જ્ઞાનમાં ઠર્યો આનંદમાં, આનંદ વિશેષ આવ્યો. આ એનું નામ પ્રત્યાખ્યાન કહેવામાં આવે છે. આહાહા ! આ ગાથા એ બરાબર વાંચવી જોઈએ ને, વિચારવી જોઈએ ને માણસે. દર્શનની ખબર ન મળે, પ્રત્યાખ્યાનની ખબર ન મળે, સમ્યગ્દર્શન કોને કહેવું, એનું વિષય શું છે ને કેમ થાય એની ખબર ન મળે. પછી આ પ્રત્યાખ્યાન સમ્યગ્દર્શન પછી કેમ થાય. સમ્યગ્દર્શન પછી હો. પહેલાં તો હોય નહીં. શીખી લે. જાણી લે. જાણે કે આમ હોય. આમ હોય, શીખી લે એટલે શું ? પ્રત્યાખ્યાન કરવા માંડે એમ ? એનો અભ્યાસ કરવા માંડે ? નિર્ણય તો કરે પહેલાં ઓળખાણ કરે, એમ કહે છે.

આત્મા વસ્તુ છે, એ અજીવપણે તો થયો નથી. રાગ અજીવ આ રૂપે થાય એવો એનો સ્વભાવ નથી. અને પુણ્યનો, દયા-દાનનો વિકલ્પ જે છે, એ આત્માપણે થાય એ એનો સ્વભાવ નથી. આનો તો સ્વભાવ નથી. પણ એનો પણ સ્વભાવ નથી. એવો આત્મા, જ્ઞાતા-દ્રષ્ટા દ્રવ્ય, રાગના રાગને પૃથક્ તરીકે જાણનાર, પહેલો તે જાણનાર, તેમાં ન જોડાતા ઠરે છે એ પોતે ત્યાગનાર છે એમ કહેવામાં આવે છે. અને પોતે ત્યાગનાર કહેવામાં આવે એ પણ કહે છે કે

ત્યાગના કર્તાપણું એ નામ છે. પરમાર્થે તો રાગના ભાગનો ત્યાગ કર્યો. રાગને છોડ્યો. એ પણ સ્વરૂપમાં છે નહીં. સ્વરૂપમાં ઠર્યો એનું નામ પ્રત્યાખ્યાન છે. એ આનંદ વધ્યો. આહાહા...!

રાગમાં હતો, ત્યાં એટલી આકુળતા હતી. આકુળતા એ પરપણે હતી એમ આમાં વ્યાપેલી નહોતી. આનંદમાં વ્યાપ્યો આત્મા વિશેષપણે, બસ એનું નામ પ્રત્યાખ્યાન છે. પચખાણમાં વિશેષ આનંદ, અતીન્દ્રિય આનંદ આવે. પ્રત્યાખ્યાનમાં અતીન્દ્રિય વિશેષ આનંદ આવે. સમજાય છે ? એ દુઃખને અને રાગને છોડે છે, એ કહે છે, એ તો કથનમાત્ર છે. પરમાર્થે દુઃખને છોડે ને રાગને છોડે ને એવું આત્મામાં છે નહીં. આહાહા...! આત્મા જ્ઞાતા ને આનંદ સ્વરૂપ તે દુઃખરૂપે થયો નથી. દુઃખરૂપે થયો નથી એ દુઃખને છોડે એ પણ કહેવું એ નામમાત્ર છે. એય ! આહાહા ! ભારે વાત ! ક્યાં ગયા ?...... ઘરે રહ્યા. એ તો વિકલ્પ છે. વિકલ્પ હો, વિકલ્પરૂપે થયેલો નથી આત્મા. એ તો તત્ત્વ જુદે જુદા તત્ત્વ છે...છુટા એકરૂપે થાય તો બે તત્ત્વ જુદા રહેતા નથી. સમજાણું કાંઈ ? ભારે વાત ! ભક્તિનો વિષય એવો કે આ પચખાણનો વિષય એવો. સમ્યગ્દર્શન....

શ્રોતા : વ્યવહાર સમ્યગ્દર્શનો વિકલ્પ એવો.

પૂજ્ય ગુરુદેવશ્રી : વ્યવહાર સમ્યગ્દર્શન વિષય શું પણ ? વ્યવહાર સમ્યગ્દર્શન એ તો વિકલ્પ છે. દેવ-શાસ્ત્ર-ગુરુની શ્રદ્ધા, ભક્તિ એ બધો વિકલ્પ છે, રાગ છે, એ રાગપણે આત્મા થયો જ નથી. તો પછી રાગથી આત્માને લાભ થાય એ વાત તો રહેતી નથી. જે રૂપે છે એ રૂપે થાય તો આત્માને લાભ થાય. ભારે વાત આકરી ! વસ્તુ ભગવાન આત્મા જ્ઞાન ને આનંદથી પરિપૂર્ણ ભરેલો પદાર્થ છે. બસ એ આનંદને સાથે જ્ઞાનમાં રાગને રાગપણે પૃથક્ તરીકે જાણ્યો ને

રાગ આ રૂપે થયો નથી, જાણનાર, જાણનારમાં રહે છે. બસ જાણનાર જાણનારમાં રહે છે એનું નામ પ્રત્યાખ્યાન. પછી આને રાગ છોડ્યો, એ તો નામમાત્ર છે. પરમાર્થે આત્મામાં રાગ છોડ્યો એમ આત્મામાં છે નહીં. છોડે ક્યારે ? એકમેક થયો હોય તો છોડે ને. રાગરૂપે પરિણમ્યો હોય તો છોડે ને, એમ કહે છે. આહાહા!

જ્ઞાતા-દ્રષ્ટાપણાના સ્વભાવમાં રાગ થયો જ નથી. તો પછી રાગને છોડવો એ ક્યાં રહ્યું ? સમજાણું કાંઈ ? આંહી તો કહે છે કે પરના ત્યાગમાત્રનું નામ પણ ઉપાયમાત્ર આપ્યું. લે, આ રાગને છોડે છે એ ઉપાધિમાત્ર કથન નામ આવ્યું, ઉપાધિમાત્ર. નિરુપાધિ ભગવાન જ્ઞાતા-દ્રષ્ટા, એમાં વળી રાગને છોડે એ ઉપાધિ ક્યાંથી આવી ? આહાહા! ભારે વાત !

શ્રોતા :....

પૂજ્ય ગુરુદેવશ્રી : છે જ ક્યાં ? છે એમાં ઠરે છે. બસ ઠરે છે એટલે જ્ઞાન જ્ઞાનપણે રહે છે. બસ એનું નામ પ્રત્યાખ્યાન. શુદ્ધિ વધી. દર્શન સમકિતમાં જે શુદ્ધિ હતી એથી શુદ્ધિ વધી એનું નામ પ્રત્યાખ્યાન. આનંદ વધ્યો, એનું નામ અતીન્દ્રિય આનંદ વધ્યો, એનું નામ પ્રત્યાખ્યાન. રાગ છોડ્યો એ તો કંઈ નાસ્તિ છે એને છોડવું શું ? એમાં નથી ને. નથી તેને છોડવું. નથી તેને છોડવું, તો ગ્રહ્યો છે એમ એની દ્રષ્ટિ થઈ જાય છે. આરે, આરે, ભારે ! સમજાણું કાંઈ ?

**પોતે તો એ નામથી રહિત છે...**દેખો. ભગવાન આત્મા તો રાગનો ત્યાગના ભાવથી રહિત છે. રાગના ત્યાગના નામથી રહિત છે. એ તો જ્ઞાતા-દ્રષ્ટાનો સ્વભાવ છે. એમાં રાગના ત્યાગપણું એમાં ક્યાં આવ્યું ? ઝવેરચંદભાઈ ! ભારે વાત આવી ! શાંતિથી ધીમેથી માણસને

તત્ત્વ હોય, મૂળ તત્ત્વ આ તો. આ તો મૂળ તત્ત્વ છે. સમ્યગ્દર્શન જેમ મૂળ તત્ત્વ છે ચારિત્રનું મૂળ તત્ત્વ તેમ પ્રત્યાખ્યાન ચારિત્ર છે. ચારિત્ર તે ધર્મ છે. ચરિતમ્ ખલ્લુ ધમ્મો. આ પ્રત્યાખ્યાન ખલ્લુ ધમ્મો. અને ધર્મનું મૂળ કારણ સમ્યગ્દર્શન. એ તો મૂળ ચીજ છે. સમજાય છે કાંઈ ? ચરિતમ્ ખલ્લુ ધમ્મો. પ્રત્યાખ્યાન ખલ્લુ ધમ્મો. પ્રત્યાખ્યાન તે ચારિત્ર ને ચારિત્ર તે ધર્મ. તે કેમ કહ્યો ધર્મ ? તેનું મૂળ કારણ જે સમ્યગ્દર્શન, તે આત્મા જ્ઞાતા-દ્રષ્ટા તે અનુભવ થયો તે તેનું મૂળ કારણ. પછી જ્ઞાતા-દ્રષ્ટા છે તે રાગરૂપે થયો નથી. પરપણે જાણીને પોતે પોતામાં ઠરે છે, પોતે પોતામાં ઠરે છે, એ ચારિત્ર એ ધર્મ છે. એ ધર્મનું મૂળ કારણ સમ્યગ્દર્શન છે. સમ્યગ્દર્શનનું પછી કાર્યરૂપે આગળ આ પ્રત્યાખ્યાન આવે છે. સમ્યગ્દર્શન ને જ્ઞાન કારણ હોય તો ચારિત્ર પર્યાય કાર્યરૂપે થાય, એમ.

બંધ અધિકારમાં આવે છે ને. સમ્યગ્દર્શન કારણ વિના ચારિત્ર પરિણામ થતા નથી. એમ કહે છે, જુઓ. ભેગું લીધું. આત્મા તો એકલો જ્ઞાતા-દ્રષ્ટા શુદ્ધ ચૈતન્યપિંડ છે એવો દ્રષ્ટિ ને અનુભવ ન થયો ત્યાં સુધી દર્શન નથી. દર્શન નથી એટલે એની સાથે જોડે હોય એવું સમ્યગ્જ્ઞાન નથી ને જ્ઞાન નથી એ પરમાં રખડે છે. આંહી દર્શન-જ્ઞાન વિના, કારણ દર્શન, જ્ઞાન છે એ કારણ હોય તો ચારિત્ર પ્રગટે ત્યારે આને કારણ કહેવામાં આવે અને ચારિત્રને કાર્ય કહેવાય પણ વસ્તુ નથી ત્યાં ચારિત્ર ક્યાંથી આવ્યું ? સમજાણું કાંઈ ? હું રાગરૂપે થયો જ નથી. રાગ તત્ત્વ ભિન્ન છે ને મારું તત્ત્વ ભિન્ન છે. એવો જે અનુભવ થવો એ તો હજી પહેલું સમ્યગ્દર્શન છે. પછી તે તેમાં જતો નથી, એમાં પરિણમે છે એટલે જેવું સ્વરૂપ છે તેમાં પરિણમે છે ને રહે છે એનું નામ ચારિત્ર ને પ્રત્યાખ્યાન છે. એનું નામ ધર્મ છે અને એ પ્રત્યાખ્યાન મોક્ષનું કારણ છે. સમજાણું કાંઈ ?

યાદ રહેવું મુશ્કેલ આ તો. યાદ ક્યાં રહેવું આ તો વસ્તુસ્થિતિ જ એવી છે. એનો પહેલો નિર્ણય તો કર. કહો મગનભાઈ ! આમં ક્યાં ગયું બહારનું ? શ્રીમદ્ .ને એકવાર કહ્યું'તું કોઈએ કે અમારી સાથે ચર્ચા કરો. પણ તમારે શું કરવું છે ? પાણી ગાળીને પીવાનું છે ? અમે પાણી ગાળીને જ પીએ છીએ. શ્રીમદે ચર્ચા કરી. કોની સાથે ચર્ચા કરી, બાપુ ! ભાઈ ! મૂળમાં જ જ્યાં વાંધા છે તમારે ને આહીં. આહાહા ! એ ત્યાગ, ત્યાગ ત્યાગ કહે છે. એને ત્યાગના સ્વરૂપની ખબર નથી. હજી આત્મસ્વરૂપની ખબર નથી કે આત્મા તો એકલો જ્ઞાતા-દ્રષ્ટા આનંદકંદ જ છે એને વિકલ્પ કરવો ને વિકલ્પ છોડવો એ સ્વરૂપમાં જ નથી. વિકલ્પનું કરવું એ સ્વરૂપમાં નથી ને વિકલ્પનું છોડવું એ સ્વરૂપમાં નથી. આહાહા ! રાગનો કર્તા થવું એ સ્વરૂપ નથી, એ તો મિથ્યાત્વભાવ છે. તેમ રાગને છોડું છું એવી દ્રષ્ટિ પણ મિથ્યાત્વભાવ છે એમ કહે છે. આહાહા! કારણ એ પર્યાય ઉપર દ્રષ્ટિ એ ત્યાં ગઈ. વસ્તુ ચૈતન્યમૂર્તિ જ્ઞાતા-દ્રષ્ટા એનું ભાન થઈને રાગ પરપણે જાણ્યો. રાગ આ રૂપે થયો નથી. આ રૂપે થયો નથી, હું થયો છું મારા સ્વરૂપે. એમ સ્વરૂપે ઠરવા રૂપે થયો એનું નામ પ્રત્યાખ્યાન. પછી એને કહ્યું કે આણે રાગ છોડ્યો. એ તો નામમાત્ર કહેવાની વ્યવહાર સંજ્ઞા. ઓળખવા માટે છે. બાકી વસ્તુ રાગને છોડવામાં. ત્યાગનું કર્તાપણું આત્મામાં છે નહીં. એ રાગના ત્યાગના કર્તાપણું આત્મામાં નથી, તો પછી બહારના ગ્રહણનું આ ગ્રહ્યુંને આને મુક્યું ને આને છોડ્યું એ એમાં નથી, કહે છે ભાઈ ! તેં માન્યું છે તારી દ્રષ્ટિ પર ઉપર છે. વસ્તુ પર નથી તેથી આ છોડ્યું ને આ મુક્યું તને અધિક ભાસી જાય છે. સમજાય છે કાંઈ ?

મોટો થઈ ગયો. જુઓ, આ છોડીને. બાયડી, છોકરા છોડ્યા. આ છોડ્યું ને ફલાણું છોડ્યું. શું છોડ્યું પણ ? તારી દ્રષ્ટિમાં દ્રવ્ય સ્વભાવ છોડ્યો. એ તો કહે. હવે ઊભો છો તું મિથ્યાત્વમાં. મિથ્યાત્વમાં તું હવે છોડવું-ગ્રહણ માન, મિથ્યા વસ્તુની પુષ્ટિ થતી જાય છે. આહાહા! ભારે વાતું ! ક્ષણે ક્ષણે બહારનો ત્યાગ કર્યો ને મુક્યું એમાંથી આ છોડવું ને આ મુકવું એના ઉપર જાય તો મિથ્યાત્વની પુષ્ટિ થઈ એમ કહે છે. કારણ કે વસ્તુ નથી એ રીતે માન્યતાની પુષ્ટિ કરે છે. આ કહે છે, પરભાવના ત્યાગકર્તાપણાનું પરભાવના ત્યાગનો કર્તા, ત્યાગનો કર્તા, ત્યાગરૂપે હું ત્યાગનો કર્તા નામ પોતાને નથી. એવું નામ આત્મામાં નથી.

**પોતે તો એ નામથી રહિત છે...**પરના ત્યાગના કર્તાપણાના નામથી તો ભગવાન રહિત છે. આહાહા...! લોકોને તો બહારના ત્યાગ પર એટલો મહિમા થઈ ગયો છે ને, આપણે કાંઈ છોડી શકતા નથી. બિચારા છોડે છે, ઉના પાણી પીવે છે, ફલાણું કરે છે. રાત્રે આહાર કરતા નથી, બ્રહ્મચર્ય પાળે છે, તને ખબર નથી કે આખો આત્મા છોડ્યો છે એણે. બધો ત્યાગ કર્યો છે આત્માનો અને ગ્રહણ કર્યો છે રાગ અને પરનો.... તૈયાર થાય પોતે. ઝવેરભાઈ ! વાત તો સાચી છે કે પોતાની તૈયારી ન્હોતી તો તે જાતનું નિમિત્ત ન હોય... ઝવેરચંદભાઈ જુઓ.

**માટે પ્રત્યાખ્યાન જ્ઞાન જ છે.....** જુઓ, આ સરવાળો. દેખો. શું કહે છે ? પ્રત્યાખ્યાન રાગનો ત્યાગ કરું એમ નહીં. છે ? એ જ્ઞાન સ્વરૂપે ભગવાન જાણનાર, જાણનાર, જાણનાર રહ્યો અને રાગરૂપે થયો નહીં. થયો નથી, થયો નથી, તો એને છોડવું, થાવું નહીં એમ એ નહીં એમ કહે છે. થયો નથી તો થાવું નહીં એમ એ નહીં એમ કહે છે. રાગરૂપે થયો નથી. રાગરૂપે છું નહીં એમ એ નહીં. જ્ઞાતા જ્ઞાનપણે થયો. રહ્યો આ એનું નામ પ્રત્યાખ્યાન કહેવામાં આવે છે.

ઠરવું એટલે જ્ઞાન જ્ઞાનરૂપે રહ્યું બસ એટલું જ્ઞાન જ્ઞાનરૂપે રહ્યું. રાગરૂપ જરી પરપણે લક્ષ રાખતો'તો, અસ્થિરતા. જ્ઞાન જ્ઞાનરૂપે રહ્યું તે પ્રત્યાખ્યાન. લક્ષ વધાર્યું...આ બાજુ લક્ષ વધાર્યું. હું જ્ઞાતા-દ્રષ્ટા છું એ તો દ્રષ્ટિ થઈ છે. એ પણ લક્ષ વધારીને ઠર્યો. લક્ષ એકાગ્ર થઈને. જ્ઞાન જ્ઞાનરૂપે રહ્યો. રાગરૂપે થયો તો નથી એમ તો પહેલું કહ્યું. પણ રાગને પરપણે જાણીને પૃથક્પણે આ આમ છે એમ જાણતો તો એ આ પોતે પોતામાં ઠર્યો. રાગ એનો છૂટી ગયો. એને નામમાત્ર ત્યાગ કહ્યો, પણ ખરેખર રાગનો ત્યાગ કર્યો એ પ્રત્યાખ્યાનના સ્વરૂપમાં પણ નથી. સમજાણું કાંઈ ?

**માટે પ્રત્યાખ્યાન** એ **જ્ઞાન જ છે—એમ અનુભવ કરવો.** હું તો આનંદનો અનુભવ કરું એ પ્રત્યાખ્યાન છે. બીજો કોઈ પ્રત્યાખ્યાન નથી. એમ તારા ઉપર લક્ષ વધારે રાખ, એમ કહે છે. રાગને પરપણે જાણ્યો એટલે ત્યાં લક્ષ રાખીને છોડવું છે એમ નહીં. એમ છૂટતું નથી. એમ કહે છે. પરપણે આ પર છે, પર છે, પર છે માટે છૂટે છે એમ નથી. હું તો જ્ઞાતા-દ્રષ્ટાપણે છું એમાં સ્વના લક્ષે આગળ વધીને ઠર્યો એ જ્ઞાન સ્વરૂપે રહ્યો તે જ પ્રત્યાખ્યાન છે. બીજો કોઈ પ્રત્યાખ્યાન નથી. એમ અનુભવ કરવો. જ્ઞાન પ્રત્યાખ્યાન તે જ્ઞાન જ છે. આત્મા જ છે, પ્રત્યાખ્યાન તે આત્મા જ છે. એ જ્ઞાનની દશા તે જ પ્રત્યાખ્યાન છે એમ અનુભવ કરવો. ઓહોહો ! લ્યો, આમાં તો ઘણો વખત ગયો. મુદ્દાની વાત હતી. બહુ અત્યારે ફેરફાર થાય છે.

પરદ્રવ્યની વાત જ ક્યાં છે ? આ તો રાગને છોડવો એ વસ્તુમાં નથી. રાગ તે અજીવ કે દિ' જીવરૂપે થયા છે કે જીવને એને છોડવા પડે ? પરદ્રવ્ય, રાગ એ પરદ્રવ્ય છે. પરદ્રવ્ય કીધું ને.

**અન્યદ્રવ્યના સ્વભાવથી થતા અન્ય સમસ્ત પરભાવોને,....** જુઓને, અન્યદ્રવ્યના સ્વભાવથી થતા અન્ય સમસ્ત પરભાવોને અન્યદ્રવ્યના સ્વભાવથી થતા અન્ય સમસ્ત પરભાવોને. એ અન્યદ્રવ્યથી થયેલાં વિકલ્પો છે. સ્વદ્રવ્યમાંથી ક્યાંથી થાય ? રાગ સ્વદ્રવ્યમાંથી આવે છે ? આહાહા ! મૂળ તત્ત્વની સ્થિતિનું સ્વરૂપનું જ્ઞાન નહીં ને ઉપર ઉપર ટપકે આ આત્મા છે ને આ ધર્મ છે ને, આ ભક્તિ છે. મૂંઢતા સેવીને જીવન ચાલ્યા જશે. ભાઈ ! આહાહા ! જેવી રીતે વસ્તુની સ્થિતિની મર્યાદા છે તે મર્યાદા તેના જ્ઞાન ખ્યાલમાં ન આવે તો એ મર્યાદામાં રહી નહીં શકે, અમર્યાદિત થઈ જાશે. અગળ વધી જશે. રાગને છોડવામાં જાશે ને કાં પરને છોડવામાં જાશે. એની દ્રષ્ટિ પરમાં જાશે. વસ્તુ નહીં હાથ લાગે. સમજાય છે કાંઈ ! આવી વ્યાખ્યા જ કો'ક વખતે થાતી હોય ને કોઈ વખત સંભળાતું હોય, કે ભઈ માંડ્યું હોય બસ માંડ્યું હોય બસ પરનું. ન્યાલભાઈ ! અપાસરામાં કોઈ દી સાંભળ્યું ન હોય આ તમારા ૮૮ વર્ષમાં.

શ્રોતા :.....

પૂજ્ય ગુરુદેવશ્રી : એ શેઠીયા કહેવાય ને મૂળ શેઠીયા કહેવાય. સાધુ આવે, એને ત્યાં પહેલા વહોરવા જાય. કોઈ પાણી-બાણી જોતું હોય ને ઈ શેઠીયાને ત્યાં મળે. દાળ-ભાત-રોટલી મળતી હોય. એ પણ કહેતા'તા કે કરી દેતા'તા. દાળ-ભાત મળે. દાળ-ભાત. શેઠીયાને ત્યાં દાળ-ભાત મળે, ગરીબને ત્યાં ભાત ક્યાંથી મળતા'તા ? આહાહા! અરે, એમાંય એ વાંધા ઉઠ્યા, જુઓને. આ ઉદ્દેશીકમાં મોટી તકરાર. ઉદ્દેશિક તો એ સાધુ ને ઉદ્દેશીને એકલાને માટે કરે તો ઉદ્દેશીક, એમ કહે છે અત્યાધિક દોષ થયો. અધિકપણું નાખ્યું ને એવો દોષ છે ને પિસ્તાલીસમાં. એ દોષ. પણ દોષ છે ને બાપુ ! આહાહા!

અમારા હીરાજી મહારાજ તો બિચારા એવા બહારની વસ્તુની સ્થિતિની ખબર ન મળે. દ્રષ્ટિની કાંઈ ખબર ન મળે. વહોરવા ત્યાં જાય તો એકદમ ફફડે ગામવાળા. સાત આઠ ઘર હોય જૈનના. એક ઉભા રહે ત્યાંને ત્યાં એક જણો ઊભા રહે. લાવો, શું છે. લાવો જે હોય તે. દાળ-ભાત, રોટલી તો હજી થતી ન હોય, બે-ત્રણ થઈ હોય. બે-ત્રણ થઈ રહ્યું જાવ. એ ત્યાં ફરી પાછું જવાનું ન હોય. થરથરે તમારી બા ને બધા તો થરથરે. આ હાહા! કારણ કે બિચારા ભોળા માણસ હોય ને હિરાજી મહારાજ માણસ બહુ ગંભીર હતા. બહુ ગંભીર. મૂળચંદજી તો કષાય કરે ક્યાંક...પણ ખબર ન મળે કે શું ત્યાગ છે ને શું આ છે. વસ્તુની એને ખબર ન મળે ને દેનારને ખબર ન મળે. બીજાને ઉદ્દેશિક દેવું. પાણી, છાશ. છાશ તમારે ઘરે. ધીરુભાઈની સામે રહેતા ને પહેલાં તમે. ખબર છે ને ? છાશ ગોળી... ઓલામાં રહેતા. જાળી લોઢાની હતી ને. મોઢા આગળ રહેતી ગોળી. ખબર છે ને ? ૭૧માં પહેલા આવ્યા ત્યારે. ત્યારે ત્યાં હતી. અને ત્યાં ઊભા રહીએ. બહાર ડોશી આવે ડોશી. તમારા બાપની મા, ડોશી આવેને છાશ. એકોત્તેરની વાત છે. છોટુભાઈ ઓલી જાળીમાં રહેતાને જાળી. ધીરુભાઈની સામે. ભૂલી જાય હોં. કોઈ ભૂલ થઈ ગઈ. મહારાજ ! પાણીનું....નથી. ચોખ્ખું છે. આ છાશ. એના માટે બધુ બનાવે પણ પછી બચાવ કરે. પંદર પંદર શેર અધમણ પાણી બનાવે ને કહે છે અમારા માટે કર્યું છે. ને તમારા માટે ભેગું. આટલું પાણી કોના માટે કર્યું છે ? નાખે ઓલામાં શું કહેવાય ? કમંડળમાં. બધું એને માટે બન્યું છે. પાણી..... આહાહા! એ તો કહે છે કે દોષ તો ઠીક પણ આ દોષનો ત્યાગ કરવું એ આત્માના સ્વરૂપમાં નથી, એમ કહે છે. આહાહા! એ તો જ્ઞાતા-દ્રષ્ટાના સ્વભાવમાં એકાકાર

રહ્યો. રાગ ઉત્પન્ન થતો નથી, સ્વરૂપમાં ઠર્યો, એનું નામ જ્ઞાન પ્રત્યાખ્યાન કહેવાય છે. સમજાય છે ? લ્યો.

**માટે પ્રત્યાખ્યાન જ્ઞાન જ છે—એમ અનુભવ કરવો.** પચખાણ તે જ્ઞાન સ્વરૂપની રમત છે–રમણતા–તે જ પ્રત્યાખ્યાન છે. કઈ રાગનો અભાવ ને રાગરૂપે થયું એ તો ચારિત્ર છે નહીં. પણ રાગનો અભાવ એ નહીં, એમ. અસ્તિથી વાત લેવી છે ને. જ્ઞાન સ્વરૂપ ચિદાનંદ ભગવાન જ્ઞાનરૂપમાં રહ્યો એ જ પ્રત્યાખ્યાન છે. એનું નામ ચારિત્ર છે. એમ અનુભવ કરવો એમ આચાર્ય પોતાની વાતને પ્રસિદ્ધ કરીને બીજાને પણ કહે છે, આમ અનુભવ કરવો. એનું નામ ચારિત્ર ને પ્રત્યાખ્યાન છે.

**ભાવાર્થ : આત્માને પરભાવના ત્યાગનું કર્તાપણું છે તે નામમાત્ર છે. પોતે તો જ્ઞાનસ્વભાવ છે. પરદ્રવ્યને પર જાણ્યું, પછી પરભાવનું ગ્રહણ નહિ....** ગ્રહણ નહિ એટલે પરિણમન નહિ, એમ. **તે જ ત્યાગ છે. એ રીતે, સ્થિર થયેલું જ્ઞાન તે જ પ્રત્યાખ્યાન છે,...**આંહી ગ્રહ્યું એકાગ્રતા ને આમ ગ્રહ્યું નહીં, એમ કીધું. સ્થિર થયેલું જ્ઞાન તે પ્રત્યાખ્યાન છે. **જ્ઞાન સિવાય કોઈ બીજો ભાવ** પ્રત્યાખ્યાન **નથી.** વિકલ્પ કે વિકલ્પનું છોડવું એ કોઈ પચખાણ નથી. જ્ઞાતા-દ્રષ્ટાપણે જ્ઞાન-દર્શનમાં ઠરવું એનું નામ જ્ઞાન તે પ્રત્યાખ્યાન ને ચારિત્ર ધર્મ તે જ્ઞાન છે. એ અધિકાર થયો.

(પ્રમાણ વચન ગુરુદેવ)

## પ્રવચન નં. ૮૨

### ગાથા ૩૫, શ્લોક-૨૯

ગુરુવાર, માગશર વદ ૭, તા. ૧૨-૧૨-'૬૮

સમયસાર. જીવ-અજીવ અધિકાર. ૩૪ ગાથા પૂરી થઈ. **હવે પૂછે છે કે જ્ઞાતાનું પ્રત્યાખ્યાન જ્ઞાન જ કહ્યું....** ધર્મી જીવનું જ્ઞાન જ તે પ્રત્યાખ્યાન છે. પ્રત્યાખ્યાન જ્ઞાન જ કહ્યું. **તેનું દ્રષ્ટાંત શું છે ?** વાત તો જાણે સમ્યગ્દર્શન ઉપરાંતની છે આ. અધિકાર પાછો સમ્યગ્દર્શનથી શરૂ કરે છે અનુભૂતિથી. એકપણે માને છે ને છોડાવે, એમ પાછું દ્રષ્ટાંતમાં ભાષા એવી રીતે લીધું. પંડિતજીએ કીધું ને રાતે, વ્યવહાર સમકિત હોય અને પછી આ કહેવા માગતા હોય તો, એમ. એ તો પ્રતિબુદ્ધ થયો છે. એ તો આવ્યું છે ને માથે. પ્રતિબુદ્ધ થયો છે. પણ રાગથી ભિન્ન પડ્યો આત્માનું ભાન છે, ચિદાનંદ આત્મા શુદ્ધ સ્વરૂપ છે એનું ભાન છે, પરિણમન પણ એ છે, પણ સ્વરૂપની સ્થિરતારૂપ પ્રત્યાખ્યાનને ચારિત્ર નથી. સ્વ આત્માના રમવાની રમણતાના આચરણરૂપનું પૂછે છે :

પ્રત્યાખ્યાન તે શું છે ? એમ વિનયથી, બહુમાનથી, આચરણ કરવાનો કામી છે. સ્વસ્વરૂપનો, એ પૂછે છે : એને ઉત્તર મૂળ પાછો ભેદજ્ઞાનથી આપે છે.

**जह णाम को वि पुरिसो परदव्वमिणं ति जाणिदुं चयदि ।**

**तह सव्वे परभावे णाऊण विमुचदे णाणी ।।૩૫।।**

**આ પારકું એમ જાણીને પરદ્રવ્યને કો નર તજે,**

**ત્યમ પારકા સૌ જાણીને પરભાવ જ્ઞાની પરિત્યજે.** ૩૫.

એનો અન્વયાર્થ :–**જેમ લોકમાં કોઈ પુરુષ પરવસ્તુને 'આ પરવસ્તુ છે'**....આ પરવસ્તુ છે **એમ જાણે ત્યારે એવું જાણીને પરવસ્તુને ત્યાગે છે,....** સ્વામીપણું રાખે નહીં. પરવસ્તુ છે એ પરપણે જાણે એટલે તેનું સ્વામીપણું રહે નહીં. **તેવી રીતે જ્ઞાની સર્વ પરદ્રવ્યોના ભાવોને....** પુણ્ય-પાપના, વિકલ્પાદિ, રાગાદિભાવને **'આ પરભાવ છે' એમ જાણીને....**એમાં રહેતો નથી. અહીં વિશેષ પ્રત્યાખ્યાન લેવું છે ને. પ્રત્યાખ્યાન એ ચારિત્રનો અભ્યાસ છે એમાં ભેદજ્ઞાનથી ચારિત્ર એમ આવે છે ને. લક્ષ થયા પછી પણ ભેદ અભ્યાસથી ચારિત્ર થાય છે. આવે છે, નિયમસારમાંય આવે છે, આંમાય આવે છે. વસ્તુ તો છે જ્ઞાન એ આત્મા જ્ઞાન અને આનંદ સ્વરૂપ તે આત્મા, શુદ્ધાત્મ અભિમુખ પરિણામ કરીને, શુદ્ધ વસ્તુના સન્મુખ પરિણામ કરીને આત્માને અનુભવ્યો છે, જાણ્યો છે.

પરસન્મુખ જે પરિણામ હતા, વિમુખ સ્વભાવથી હતા, સ્વભાવ જે શુદ્ધ ચૈતન્યઘન એનાથી વિમુખ–પરસન્મુખને સ્વભાવથી વિમુખ, એવા પરિણામ હતા એને છોડીને, શુદ્ધ ચિદાનંદ સ્વભાવની સન્મુખ અભિપ્રાય એટલે પરિણામ કર્યા એટલે આત્માનું ભાન થયું કે આ આત્મા તો શાંત ઉપશમ રસનો કંદ છે. વીતરાગવિજ્ઞાન મૂર્તિ જ આત્મા છે. સમજાણું કાંઈ ? સૂક્ષ્મ રસ સ્વરૂપ આત્મા છે. એટલે વીતરાગ રસ સ્વરૂપ આત્મા છે એટલે વીતરાગવિજ્ઞાનઘન સ્વરૂપ આત્મા છે એવું ભાન થયું. પણ સ્વરૂપમાં ઠર્યો નથી વિશેષ ચારિત્રની અપેક્ષા જેટલો. એથી કહે છે, કે આ જાણ્યું છે કે આ રાગ પર છે, એમ જાણીને ઠરે છે, અને પરમાં જોડાતો નથી. એનું નામ પ્રત્યાખ્યાન જ્ઞાનને કહ્યું, કહેવામાં આવ્યું છે. દ્રષ્ટાંત આપે છે. કોઈ પુરુષ સાધારણ હોય, પણ આચાર્ય જરી ધોબીનું દ્રષ્ટાંત આપે છે.

**જેમ—કોઈ પુરુષ ધોબીના ઘરેથી ભ્રમથી બીજાનું વસ્ત્ર લાવી,....** ભ્રમણાથી બીજાનું વસ્ત્ર લાવી, ત્યાં તો ઘણા વસ્ત્રો હોય ને. **પોતાનું જાણી....** બીજાનું વસ્ત્ર લાવી, પોતાનું જાણી. બે વાત છે ને બે ? **चीवरमादायात्मीयप्रतिपत्त्या** સમજાણું ? ધોબીને ઘરે જઈ બીજાનું વસ્ત્ર લાવી અને પોતાનું જાણ્યું પાછું. **પોતાનું જાણી ઓઢીને સૂતો છે**...પછેડી આદિ પછેડી આદિ લીધી એમાં ઉપર સૂતો, એમ. પહેરી સૂતો. કોઈ પહેરીને સૂતો છે. તમારે શું કહેવાય આને? એમ નહીં. ઉપર સૂતો છે ઓઢીને. **ને પોતાની મેળે અજ્ઞાની....** છે, એ પરવસ્તુને પોતે પોતાની જાણે છે. પોતાની મેળે. છે? કોઈએ એને એ વસ્ત્ર તારું છે એવું કોઈએ મનાવ્યું નથી. **પોતાની મેળે અજ્ઞાની (-આ વસ્ત્ર બીજાનું છે એવા જ્ઞાન વિનાનો)**....આ વસ્ત્ર બીજાનું છે, એવું જ્ઞાન નથી. **એવો થઈ રહ્યો છે;**...એવો થઈ રહ્યો છે અજ્ઞાની.

**જ્યારે બીજો તે વસ્ત્રનો ખૂણો પકડી,....** બીજો આવ્યો એ ધોબીને ત્યાં ગયો. ત્યાં કહે, આ મારું વસ્ત્ર ? હમણાં કોઈ લઈ ગયું છે. દેખાતું નથી. વસ્ત્રનો ખૂણો પકડી, ખૂણો. આખું ઓઢ્યું છે ને કોકનો હોય તો કાંઈ ખૂણો પકડ્યો ન હોય, પછેડી જેવી ચીજ. ઉપર છે એમ કહે છે. **ખેંચી તેને નગ્ન....** એટલે ખુલ્લો **કરે છે...** વસ્ત્રને ખેંચીને ખુલ્લો કરે છે. જુઓ, આ વસ્ત્ર તારું નથી. **અને કહે છે કે જુઓ, 'તું શીઘ્ર જાગ,....** જાગીને **સાવધાન થા,....** પાછો. જાગીને તું ખ્યાલ કર બરાબર કે આ વસ્ત્રના લક્ષણો તારી સાથે મળતા નથી. તારા વસ્ત્રની સાથે મળતા નથી. **આ મારું વસ્ત્ર બદલામાં આવી ગયું છે...**જાગ, સાવધાન થા. આ

મારું વસ્ત્ર બદલામાં આવી ગયું છે. તારે ઠેકાણે મારું આવી ગયું છે. તારે ઠેકાણે મારું આવી ગયું છે.

**તે મારું મને દે',**.... ઓલો કહે કે એ મને મારું દે. **ત્યારે વારંવાર કહેલું**....એકવાર કહેલું નહીં. વારંવાર કહેલું **એ વાક્ય સાંભળતો તે, (એ વસ્ત્રનાં) સર્વ ચિન્હોથી સારી રીતે પરીક્ષા કરી....**જોયું. આ મારું આ વસ્ત્રની કિનાર છે. અત્યારે કરે છે ને બધા, ખૂણો કોઈ કરે છે, કંઈ કરે છે ને. અત્યારે ઘણી જાતના કરે છે, ખૂણો કંઈક બાંધે, B, ફલાણું ને ઢીકણું. આ દોરો મુકે.... સર્વ ચિન્હોથી, એમ પાછું. એ વસ્ત્રના સર્વ ચિન્હોથી. સમજાણું ? જાડું, પાતળું, સુવાળું, પહોળું વગેરે વગેરે જોઈને કહે, આ મારું નહીં. આ મારું નહીં. સમજાય છે ? મારી પછેડી તો બીજી સુંવાળી હતી, આવી હતી, જાડી હતી, ફલાણી હતી. આવાં તારની હતી, આટલી લાંબી હતી અને આટલી પહોળી હતી. આટલું આ બધું મારું નહીં.

**સર્વ ચિન્હોથી સારી રીતે પરીક્ષા કરીને,...** પાછું ઉપર ટપકે નહીં. બરાબર એ ચિન્હોને જોઈ, જરૂર આ વસ્ત્ર મારું જ, પરીક્ષા કરીને આ વસ્ત્ર મારું જ.... સાંભળતો. તે પરીક્ષા કરીને, **જરૂર આ વસ્ત્ર પારકું જ છે'**.... જરૂર આ વસ્ત્ર (પારકું જ છે.) નિશ્ચયથી આ વસ્ત્ર પારકું છે. આ મારું નહીં. એના કોઈ ચિન્હ, પાતળા ને જાડા, ફલાણી જાત—કોઈ રીતે મળતું નથી. **એમ જાણીને, જ્ઞાની થયો (થકો),....** એટલે સંસારનો ડાહ્યો થયો, એમ. ઓલો મૂરખ અજ્ઞાની છે, પોતાની મેળે. **તે (પરના) વસ્ત્રને જલ્દી ત્યાગે છે.** લ્યો. એ વસ્ત્રને એકદમ છોડી દે છે. જરીએ પછી, ઓઢેલું છતાં તેનો ત્યાગી થઈ ગયો. અંદરમાં પહેલો ને છોડી દીધું. સ્વામીપણું છોડી દીધું. હવે ઓલા લઈ જાય છે ને. પણ છોડી દીધું. વસ્ત્રને જલ્દી ત્યાગે છે.

અભિપ્રાયમાં આ વસ્ત્ર મારું છે, એ હતું તે છૂટી ગયું. એ વસ્ત્ર મારું નથી. આ ઓઢ્યું પડ્યું છે, થોડું ખેંચ્યું'તું ને બીજું પડ્યું છે. ભાઈ, ઓલું થોડું ખેંચ્યું છે અને થોડું પડ્યું છે માથે. થોડું ખુલ્લું કર્યું ને હજી બીજું છે. આ મારું નહીં. સમજાણું કાંઈ ?

**તેવી રીતે**....આ તો દ્રષ્ટાંત થયો, હવે સિદ્ધાંત.—**જ્ઞાતા પણ**.... કોઈ પુરુષ હતો તેને ઠેકાણે જ્ઞાતા, ધર્મી **ભ્રમથી પરદ્રવ્યોના ભાવોને ગ્રહણ કરી,**....એટલે આત્મા પણ એમ જ્ઞાતા નામ આત્મા, ચિદાનંદ સ્વરૂપ છે તે. ભ્રમથી પરદ્રવ્યના ભાવોને ગ્રહણ કરી, રાગાદિ પરિણામ એ બધા–પરદ્રવ્યની અવસ્થાઓ છે, પરદ્રવ્યના ભાવ છે. સમજાણું ? પુણ્ય-પાપના વિકલ્પો જ્યાં પોતાના લક્ષણથી જોયું, તો એણે જોયું કે પરદ્રવ્યના ભાવોને ગ્રહણ કરી. ઓલો હતું ને. લાવી લાવીને પોતાના જાણ્યા હતા. આ **ગ્રહણ કરી**ને **પોતાના જાણી,...** એમ. ગ્રહણ કરી, રાગાદિ મારા છે, એમ ગ્રહણ કરીને પોતાના જાણ્યા. આ રાગ મારો છે, આ રાગ મારો છે, પુણ્ય-પાપના પરિણામ ગ્રહણ કરીને મારા છે તેમ જાણ્યું. પરભાવોને ગ્રહણ કરી એમાં હતું ને, વસ્ત્રને લાવી પોતાનું જાણ્યું. ગ્રહણ કરી પોતાનું જાણી. એ પુણ્ય-પાપના વિકલ્પ પોતે પકડીને મારા છે એમ માન્યા. મૂઢ છે, કહે છે સેઠી ! મહેન્દ્રભાઈને હીરા, માણેક તો ક્યાંય રહી ગયા. પુણ્ય-પાપના ભાવ એ ખરેખર અજીવ લક્ષણ છે. એ જીવનું સ્વરૂપ નથી. આહાહા ! બે જ વાત છે ને અહીં. એ અંદરમાં શુભ-અશુભભાવ એ અજીવનું લક્ષણ છે. ગ્રહણ કરીને પોતાના જાણ્યા'તા... પકડીને પોતામાં જાણ્યા'તા. આમ જ્યાં જોયું, સમજાણું ? ગ્રહણ કરી જાણ્યા'તા.

**પોતામાં એકરૂપ કરી(ને) સૂતો છે**... છે ને ? ઓલો ઓઢીને સૂતો છે. એટલો ફેર. ઓઢીને સૂતો છે. માથે દબાવીને સૂવે છે ને કેટલાક આમ પછેડીને ? આમ દબાવે ને પગે દબાવે. આમ દબાવે....જંગલમાં ભરવાડ સૂવે છે ને, જંગલમાં સૂવે છે ભરવાડ, સર્પ નીકળે તો.... પગથી દાબે, આમથી દાબે, આમથી દાબે, આમ દાબે. એટલે સર્પ-બર્પ નીકળ્યો હોય તો વયો જાય. અમારે ઘણા એ રીતે સૂવે છે. જંગલમાં ખુલ્લામાં. નહીં ? ગાયું ને ચારીને આવેને, ગાયું ને મોકલી દે ગામમાં. ઘર જાય તો વળી.... બધા સૂતેલા હોય. એ જાગે તો એને વાંધો નહીં, અને આને સૂવું હોય તો ગડબડ થાય. બહાર સૂવે ત્યાં.... એમ આ અજ્ઞાની આત્મા પોતાના એકરૂપ કરીને સૂતો છે. વિકારને પુણ્ય-પાપના ભાવ એ પોતાની જાતના નથી. એ અજીવની જાતના છે. ભારે વાત ભાઈ ! એમાં ચેતનપણું નથી. છતાંય એકપણું એકરૂપ કરીને સૂતો છે. ચૈતન્યના સ્વભાવ જ્ઞાનાનંદ ચૈતન્યબિંબ પ્રભુ, એની સાથે પુણ્ય-પાપના વિકલ્પને એકરૂપ કરીને અજ્ઞાની થઈને સૂતો છે.

**ને પોતાની મેળે અજ્ઞાની થઈ રહ્યો છે;**... લ્યો. કર્મ કોઈ અજ્ઞાન કરાવે છે એમ નથી. પોતે પોતાને ભૂલી જઈને પુણ્ય-પાપના ભાવની મીઠાશ કરીને, પોતાના છે એમ કરીને, એકરૂપ કરીને સૂતો છે. વસ્તુ તો વસ્તુ છે. પોતાની મેળે અજ્ઞાની થઈ રહ્યો છે. એને અજ્ઞાની કરાવવામાં કોઈ કરમ-બરમ કારણ નથી એમ કહે છે. જેમ ધોબીએ અજ્ઞાની કરાવ્યો નથી. પોતે, ઓલો જેમ અજ્ઞાની થયો'તો. એમ કર્મે અજ્ઞાન કરાવ્યું, ધોબીએ અજ્ઞાની કરાવ્યો નથી ભ્રમથી એ લઈ ગયો હતો. એમ આ કરમે કાંઈ એને અજ્ઞાની કરાવ્યો નથી. પોતે પોતાને ભૂલીને. **જ્યારે શ્રીગુરુ**

**પરભાવને વિવેક (ભેદજ્ઞાન) કરી....** દેખો, શ્રીગુરુ પરભાવોનું ભેદજ્ઞાન કરી, શરૂઆતથી જ વાત લીધી છે. પ્રત્યાખ્યાનની વાત કરવી છે છતાં શરૂઆતથી જ વાત લીધી છે.

આચાર્યની શૈલી જ એવી છે. પરભાવોનો વિવેક કરી, ભેદજ્ઞાન કરાવી **તેને એક આત્માભાવરૂપ કરે**... ભાષા અહીં દેખો. ઓલામાં એમ હતું કે 'શીઘ્ર જાગ, આ મારું વસ્ત્ર બદલામાં આવી ગયું છે, એ મારું મને દે'. બીજો ખૂણો ખેંચે એમાં એમ હતું. સાંભળતો સર્વ ચિન્હોથી સારી રીતે પરીક્ષા વસ્ત્રની કરી હતી. આ આત્માનું લીધું, જોયું. તેને એક આત્મભાવરૂપ કરે. સમજાણું ? બેમાં દાખલામાં ઓલા વસ્ત્રના ચિન્હથી જોઈ લીધું. અહીં કહ્યું, ભેદજ્ઞાન કરાવી આત્મા આત્મભાવરૂપ કરે. તેને એક આત્મભાવરૂપ કરે.

**પરભાવનો વિવેક (ભેદજ્ઞાન) કરી તેને એક આત્મભાવરૂપ કરે...**એક આત્મરૂપ ભાવ કરે. એટલે વારંવાર શું કહ્યું છે એને ? આવ્યું ને વારંવાર ? સમજાણું ? ભેદ કરી તેને કરે **અને કહે (કે)**... શું કહે ? '**તું શીઘ્ર જાગ,**....એક આત્મભાવ, એક આત્મભાવ, આ એક આત્મભાવ છે, એમ. પુણ્ય-પાપના. ઓલાને તો વસ્ત્ર પરીક્ષા કરી છોડાવ્યું'તું. અહીં કહે છે, કે એક આત્મભાવ. આ અનેક વિકલ્પો છે. એમ ન લેતા, એક આત્મભાવ કર્યો એણે. આ જ્ઞાયકભાવ છે. આ જ્ઞાયકભાવ છે, આ જ્ઞાયકભાવ છે એકરૂપ જ્ઞાયકભાવ છે. એક આત્મભાવરૂપ કરે. સમજાણું કાંઈ ? ઓલા અનેક પ્રકારના વિકલ્પોને પોતાના જાણી જોઈને સૂતો'તો એટલે અજ્ઞાની થઈ રહ્યો'તો. એને કહે છે કે એક આત્મભાવરૂપ કરે છે. વિવેક કરી, પરથી જુદો બતાવી અને એને એક આત્મભાવરૂપ કરે. ભાઈ ! એક આત્મભાવરૂપ તે તું છો.

જ્ઞાનભાવ જાણકભાવ, જાણક સ્વભાવ તે એક એક, એક તૂં છો. આ અનેક વિકલ્પાદિ નહીં, એમ ન કહેતાં આત્મભાવ તે એકરૂપ છે. એમ ત્યાંથી ઉપાડ્યું છે. સમજાણું કાંઈ ?

પરભાવનો વિવેક કરી, વિવેક-ભેદ તો કીધો પરથી પરભાવનો વિવેક કહ્યો ને પહેલો. પરભાવનું ભેદજ્ઞાન કરી, અને એક આત્મભાવરૂપ કરે. જુદો પાડીને આ આત્મા એકરૂપ છે તું એમ કરે. અને કહે. એક આત્મભાવરૂપ કરે અને કહે, '**તું શીઘ્ર જાગ**,.... રાગાદિભાવ એ આત્મરૂપ નથી. આત્મરૂપભાવ ભિન્ન જ્ઞાયકભાવરૂપ છે. આહાહા ! સમજાણું કાંઈ ? એ બહુ સાદી ભાષા છે, પણ બહુ માર્મિક છે. કરે એટલે કરાવે નહીં, કરે એટલે તું આ છો તેમ કહે. એક આત્મરૂપ કરે, એમ એને કહે છે. એટલે કે રાગાદિનું એકત્વ કરે છે અને ભેદજ્ઞાન કર્યું. પહેલું તો નિમિત્ત આવ્યું. પરભાવનો ભેદ કરી, એક આત્મરૂપ કરે તે તું છો, એમ. આહાહા ! અંતર વળે છે ને. આ એકરૂપ આત્મા તે તું છો. ભેદજ્ઞાન તો પહેલું કહ્યું. રાગાદિથી ભિન્ન આ એક આત્મરૂપ કરે. આ એક આત્મરૂપ કરે. એકરૂપ સ્વભાવ તે તું છો. એમ કરે અને કહે, એમ. આ એકરૂપ છો તે તું છો એમ કહે એટલે એમ કહે. લ્યો. આ તો કરે અને કરાવે એમ થયું ને નિમિત્ત.

એનો અર્થ એ કે એને જે અનેકરૂપણામાં જે એની દ્રષ્ટિ હતી એને જુદી પાડીને એકરૂપ આત્મા છે એમ કરે. એવો એને વિવેક કરાવે. સમજાય છે કાંઈ ? આત્માથી વાત લીધી છે હોં. ભેદજ્ઞાન આમ લીધું ખરું. પરભાવનો વિવેક કરી. હવે તેને એક આત્મભાવરૂપ કરે. જે આમ રાગથી એકત્વ હતો અને રાગ તે હું છું એમ ગ્રહીને પોતાનો જાણીને માનતો હતો, એને આત્મારૂપ કરે. રાગાદિભાવથી જુદો પડાવી અને આત્મારૂપ એક કરે. તું આત્મા એક છો, એક છો, એક છો, એક આત્મા એક જ્ઞાયકભાવ એક છો. સમજાણું ? એકનો અર્થ, શુદ્ધ

આત્મભાવરૂપ. શુદ્ધ, એક, છે ને ? એનો અર્થ, શુદ્ધ આત્મભાવરૂપ કરે. અશુદ્ધરૂપ એ અનેક છે એનાથી જુદો પડાવી એક આત્મભાવરૂપ. જુઓ, એક આત્મારૂપ કરે એમ ન કહ્યું. એક આત્મભાવરૂપ કરે. શું કીધું, સમજાણું ?

રાગાદિભાવ, પુણ્યાદિ વિકલ્પ છે એને ગ્રહીને, પોતાના જાણીને સૂતો છે એટલે અજ્ઞાની થઈ રહ્યો છે. એને કહે છે કે એ ભાવ તારા નહીં. એનાથી આ આત્મા એકભાવ જ્ઞાનરૂપ છે. જ્ઞાયકભાવ એકરૂપ શુદ્ધ છે, તેને કરે કે બતાવે અને કહે પછી, શૂઘ્ર જાગ. જુદો પાડીને એકરૂપ આત્માને ભિન્ન કરાવીને એમ કહે છે. કરે એટલે ઓલો રાગને એકપણે જે કરતો એને જ્ઞાયકને એકરૂપે કરે એમ. રાગથી ભિન્ન પડીને ભેદજ્ઞાન કરીને. જુઓ, અહીં તો પહેલેથી ઉપાડ્યું. નહીં તો વાત તો પચખાણની છે. પચખાણની વાત છે પણ એનો અર્થ એ કે સમ્યગ્દર્શનથી માંડીને એને સ્થિરતા કરાવે છે પહેલી શરૂઆત.

એને કહે '**તું શીઘ્ર જાગ,...** એમ. જો આ આત્મા એકરૂપ છે તે. એમ આ શીઘ્ર જાગ. તું શીઘ્ર જાગ. તું શીઘ્ર જાગ, એમ. **સાવધાન થા,....** એ તો બેય શબ્દ એમાંય હતા. જાગીને સાવધાન થા. આ નથી ? કેટલાક છોકરા જગાડે ખરા પણ પાછા આમ સાવધાન હોય નહીં. ત્યાં સુધી હાલે તો પડી જાય. એમ લાગે. (કે) આ જાગ્યા ન હોય બરાબર ને...તૈયાર ન હોય તો લથડી જાય. સાવધાન જાગ અને સાવધાન થા....

**આ તારો આત્મા ખરેખર એક (જ્ઞાનમાત્ર) જ છે,....** જુઓ, ત્યાં જોયું ને. એને એક આત્મભાવરૂપ કરે. આત્મ સ્વભાવરૂપ કરે, એક આત્મ સ્વભાવરૂપ કરે. વિભાવભાવથી ભેદ

પડાવી એક આત્મ સ્વભાવરૂપ કરે. સમજાણું કાંઈ ? ભારે કથા ! આવી ધર્મકથા ! '**તું શીઘ્ર જાગ, સાવધાન થા, આ તારો આત્મા ખરેખર એક....** ભાવરૂપ જ છે એમ. એક ભાવરૂપ જ, એટલે **(જ્ઞાનમાત્ર) જ છે,....** એમ. આવ્યું'તું ને ઓલું એકભાવરૂપ કરે. એમ આત્મા ખરેખર એકભાવરૂપ જ છે. એકભાવરૂપ જ છે, એમ એક જ્ઞાનમાત્ર જ છે. રાગાદિ નથી. સમજાણું કાંઈ ?

આ મહામંત્રો છે આ સાધારણ ટીકા નથી. અમૃતચંદ્રઆચાર્યની અમૃતનો સ્વાદ આપે એવી ટીકા છે આ. આ વિકલ્પની અનેક પ્રકારની સ્થિતિથી આ જુદો છે, જો આ. એ આત્માના ભાવને એક કરીને એકરૂપ ભાવ કરે. આત્મા એકરૂપ નહીં, આત્માનો સ્વભાવ એક કરે અને કહે, જાગ જાગ આ આત્મા એકભાવરૂપ છે એટલે જ્ઞાન એકભાવરૂપ છે. જ્ઞાન એક ભાવરૂપ છે. આત્મા જ્ઞાન એક ભાવરૂપ છે. રાગરૂપ આદિ એક છે નહીં. જુઓ, આ આત્માને અનુભવ કરવાની કળા. સમજાણું કાંઈ ? આ તારો આત્મા. આ તારો આત્મા, એમ કહે છે ને. એક જ છે. એકભાવરૂપ છે. એક જ છે એટલે આત્મા એક જ છે એટલે એકભાવ સ્વભાવરૂપ છે કે વિકલ્પાદિ જે છે તે ભિન્ન છે, એનાથી તારું સ્વરૂપ ભિન્ન છે. આત્મા આ જ્ઞાનભાવ માત્ર જ છે, જ્ઞાન સ્વભાવ માત્ર જ છે. જ્ઞાયક સ્વભાવ માત્ર આ આત્મા છે. એમ એને જગાડીને અંતરમાં સાવધાન કરે છે. સમજાણું ?

**[અન્ય સર્વ પરદ્રવ્યના ભાવો (છે)]',.....** દેખો, ભગવાન આત્મા ખરેખર જ્ઞાનસ્વભાવભાવ એમ કહેવું છે. જ્ઞાન સ્વભાવભાવ એકરૂપ. અને એના સિવાયના પુણ્ય-પાપના અનેક પરભાવ જે અન્ય સર્વ પરભાવો છે એ બધા પર છે. તારો સ્વભાવ નથી.

ઓહોહો ! સમજાણું કાંઈ ? અમૃતચંદ્ર આચાર્ય મહામુનિ છે. વીતરાગી મુનિ એમની કહેલી ટીકા. એમાં ભરેલા ગંભીર ભાવો. એને સ્પર્શીને—એ આત્મભાષામાં ટીકા છે. આત્મભાષા હશે આત્મામાં ? શ્રીમદ્ લખે છે કે આત્મભાષા... આવે છે એક ઠેકાણે. આવે છે. આત્મા આત્મારૂપે થઈને જ્યારે ભાષા નિકળે છે ત્યારે ભાષામાં આવો આત્મા નિમિત્ત છે એટલે ઈ ભાષામાં જ. એવી રીતની કથની આત્મસ્પર્શી આવે છે. સમજાણું કાંઈ ? ત્યારે આત્મા ખરેખર એકભાવરૂપ છે. આ અન્ય સર્વ પરભાવ તે ભિન્ન છે. પરદ્રવ્ય પરભાવ છે, એમ.

**ત્યારે વારંવાર કહેલું...** પંચમકાળ છે ને એટલે થોડું ઝટ દઈને સમજી શકાતું નથી. કેટલાક કહે એકવાર આવીને સાધુ થઈ ગયા. ભગવાનની ઓલામાં મુનિઓ ચોથા આરામાં તો એવું થતું. કે એકવાર આવે તો ત્યાં ને ત્યાં સાધુ, ત્યાં ને ત્યાં કેવળ લઈને મોક્ષ જાય. પાંચમા આરામાં એવું નથી. એને તો વારંવાર સાંભળે. સમજાણું કાંઈ ? ત્યારે એને એ પ્રકારની રુચિ હોય તો વારંવાર સાંભળે, નહીંતર તો વારંવાર સાંભળે નહીં. એમ કહે છે. સમજાણું કાંઈ ?

**ત્યારે વારંવાર કહેલું એ આગમનું વાક્ય**..... આગમનું વાક્ય એ. સર્વજ્ઞ ભગવાનનું જ વાક્ય છે એમ કહે છે. કે આત્મા, જેવો જાણ્યો છે એવું વાણીમાં આવ્યું છે કે આવું સ્વરૂપ છે. એનો અનુભવ છે પણ પરોક્ષ છે. સમજાણું કાંઈ ? પરોક્ષ એટલે પ્રત્યક્ષ દેખાણું નથી. વેદનમાં પ્રત્યક્ષ ભલે. એટલે કહે છે કે આગમનું આ વાક્ય છે. એ વાક્ય જ આગમના છે. ભગવાને પણ એમ કહ્યું હતું એવું જ એ વાક્ય છે.

**વારંવાર કહેલું એ આગમનું વાક્ય સાંભળે તો....** એમ કહીને એમ પણ કહ્યું કે સાંભળવારને આગમના સર્વજ્ઞના કહેલા આગમના વાક્ય નિમિત્ત હોવા જોઈએ. એ સિવાયની કોઈની વાણી એને નિમિત્ત હોઈ શકે નહીં. અજ્ઞાનીની વાણી નિમિત્ત થઈ શકે નહીં. એમ કહે છે. સમજાણું કાંઈ ?

શ્રોતા :....

પૂજ્ય ગુરુદેવશ્રી :.....ના. ના. આગમમાંથી કહેતા નથી. આગમ તો અહીં જ્ઞાન એના માટે કહે છે. ભાવ આગમ. એમાંથી દ્રવ્ય આગમના વચન હોય નિમિત્તરૂપે. સમજાણું કાંઈ ? એને ચૈતન્ય હીરો, ચિંતામણિ ચૈતન્ય ચિંતામણિ ભગવાન તારો સ્વભાવ એકરૂપ છે અંદર. ચૈતન્ય રત્ન ચિંતામણિ એવો ભગવાન આત્મા એકભાવ સ્વભાવરૂપ છે. આ બીજા..... આ બધા પરભાવ. સમજાણું કાંઈ ? આગમની વાત સાંભળતો. વારંવાર હોં.

**તે, સમસ્ત (સ્વ-પરના) ચિન્હોથી સારી રીતે પરીક્ષા કરીને,...** સમસ્ત ચિન્હોથી સારી રીતે પરીક્ષા કરીને એટલે બે.... એમ કીધું..... સ્વ-પરના ચિન્હોથી, લક્ષણોથી, સારી રીતે પરીક્ષા કરીને, આ જ્ઞાયકભાવ તે આ. રાગાદિભાવ તે પર–બેયના લક્ષણો જુદા. રાગ તે અચેતનભાવ છે, ભગવાન ચૈતન્ય સ્વભાવી છે. રાગાદિ, પુણ્ય આદિ અચેતન સ્વભાવી છે, આત્મા જ્ઞાન સ્વભાવી છે. એમ બેના લક્ષણો જુદા પાડીને, સારી રીતે પરીક્ષા કરીને–સારી રીતે પરીક્ષા કરી, પાછી, ઉપરથી એમ નહીં. આ આત્મા એ જ્ઞાનભાવે એક છે. જ્ઞાનના ચિન્હ લક્ષણથી એકરૂપ ભાવ છે આ અજ્ઞાનભાવે અનેક છે. અજ્ઞાન એટલે રાગાદિભાવ. એમાં

જ્ઞાનનો અભાવ, એવા અચેતનભાવે એ અનેક છે એ પરભાવ છે, અને સ્વભાવભાવ જ્ઞાનભાવે આત્મા એક છે. જ્ઞાન સ્વભાવે એક છે. આહાહા! સમજાણું કાંઈ ?

'**જરૂર આ પરભાવો જ છે,**.... હવે આવ્યું ઓલું વસ્ત્રનું કીધું'તું ને. જરૂર આ મારા જ્ઞાયકભાવ સાથે રાગભાવનો, અચેતનપણાનો મેળ લાગતો નથી. જરૂર આ પુણ્યના વિકલ્પો દયા, દાન, વ્રત, ભક્તિ આદિના ભાવો તે જરૂર અજ્ઞાનભાવ છે, પરભાવ છે, એટલે કે જ્ઞાનભાવ નથી. સમજાણું કાંઈ ?

<u>ઉપશમરસ વર્તે રે પ્રભુ તારા નયનમાં.</u>

એ આત્મા ઉપશમરસની મૂર્તિ છે. વીતરાગભાવે કહીએ તો ઉપશમરસની મૂર્તિ છે. જ્ઞાનભાવે કહીએ તો જ્ઞાનભાવ છે, એમ. સમજાણું કાંઈ ? ઉપશમરસભાવ એકરૂપ વીતરાગભાવ છે. અને એનાથી ભિન્ન રાગાદિ પરભાવ અનેક પ્રકારના અચેતનભાવ છે. બેયને સારી રીતે અંતરમાં પરીક્ષા કરીને અરે ! આમાં કેટલી ધીરજ જોઈએ. મગનભાઈ ! આમાં કાંઈ બહારનું કાંઈ કામ આવે એવું છે એમાં.

શ્રોતા :.......

પૂજ્ય ગુરુદેવશ્રી : કરાવે છે એટલે બનાવે છે, કરે છે ઓલો તારો આત્મા. એમ કીધું છે કે મારો આત્મા આમ છે ? એ તો વાક્ય કહેનારા આવા હોય એટલું બતાવે છે. અજ્ઞાની અહીં જેવા તેવા વાક્ય કહે ને સર્વજ્ઞના અનુસારે ન હોય, એ વાક્ય નિમિત્તપણું હોઈ શકે નહીં. એટલી વાત કરી. સમજાણું કાંઈ ? એની યોગ્યતા હોય ત્યાં આવા નિમિત્તો હોય છે. એમ કહ્યું ત્યાં.

કારણ કે એનો એ જાતનો ભગવાન આત્મા એકરૂપ જ્ઞાન સ્વભાવ છે. એકરૂપ જ્ઞાન સ્વભાવ જેણે કર્યો છે પરભાવથી ભિન્ન કહે છે એને કહે છે કે એકરૂપ તારો સ્વભાવ છે. જ્ઞાયક એકરૂપ ભાવ છે. વિકલ્પો છે એ પરભાવ તે અનેકરૂપ અચેતનભાવ છે. ચેતનભાવ અને અચેતનભાવ—બેના લક્ષણ જો. સમજાણું કાંઈ ? અલૌકિક વાત છે ! જરૂર આ પરભાવો જ. 'જ' છે.

**(હું એક જ્ઞાનમાત્ર (જ) છું)'** એમાંથી કાઢ્યું પાછું. આની કોર આવ્યું'તું ને, જ્ઞાયકભાવ તે એક, જ્ઞાયકભાવ તે એક છું. વસ્તુ તો વસ્તુ પણ, વસ્તુનો ભાવ તે એક છું એમ. વસ્તુ આત્મા અને તેનો જ્ઞાયકભાવ તે એક છું.**એમ જાણીને**,... લ્યો. એ **જ્ઞાની થયો થકો**,.... આમ જાણીને અંતર જ્ઞાની થયો થકો. હવે જે કહેવું છે તે આ. હવે પ્રત્યાખ્યાનની વાત લે છી ને ? **સર્વ પરભાવોને તત્કાળ છોડે છે.** લ્યો. વળી કહે કે રાગનો કર્તા નથી, રાગને છોડવાનો કર્તા હું નથી. પરભાવોને તત્કાળ છોડે છે. પણ સમજાવવું શી રીતે ? સમજાણું કાંઈ ? અહીં તો કહે છે કે પરભાવોને તત્કાળ છોડે છે. રાગને છોડે છે. આત્મા. જુઓ, આવ્યું કે નહીં ? પણ છોડે છે આવ્યું કે નહીં ? એણે સમજવું પડશે–છોડે છે નો અર્થ ઈ. સમજાણું ? કે તત્કાળ સ્વભાવ તરફ એકાગ્ર થાય છે એટલે ઓલા રાગ ઉત્પન્ન થતા નથી. તેને છોડે છે એવો અહીંયા આરોપથી કથન કરવામાં આવે છે. એમ છે..... વસ્તુ. પણ વાત કહેવાય શી રીતે ? સમજ્યા ?

વ્યવહારનયના કથનોની પદ્ધતિ આવ્યા વિના એનું સ્વરૂપ કહી શકાય જ નહીં. એકલો નિશ્ચય, નિશ્ચય શું કરે છે ? જ્ઞાનમાં જાણ્યું છે એમાં ઠર્યો. એમાં ઠર્યો ત્યારે આ પ્રત્યાખ્યાનનો અર્થ ત્યાગ છે તો ત્યાગનું સ્વરૂપ શી રીતે તેમાં બતાવવું ? એમ. પ્રત્યાખ્યાનનો અર્થ ત્યાગ છે તો

ત્યાગનો અર્થ આ છે, એમ. પોતાના જ્ઞાનભાવના સ્વભાવને એકરૂપે જાણ્યો, રાગને અચેતનભાવે જાણ્યા. જાણ્યા એટલે એમાં જોડાણો નહીં. અહીં ઠર્યો, અહીં ઠર્યો ત્યારે તત્કાળ છોડે છે એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ ? ૩૪માં તો કહી ગયા છે. રાગના ત્યાગનું કર્તાપણું આત્માને પરમાર્થે નથી. રાગના ત્યાગનું હોં...... ની વાત જ નહીં વો જ્ઞાન કે અંદર ઠર્યો ઔર રાગકા ત્યાગ હો ગયા. પણ આત્માએ રાગકા ત્યાગ કિયા ઐસા નામ કથનમાત્ર હૈ. આહાહા ! ભારે વાત ભાઈ !

**સર્વ પરભાવોને તત્કાળ છોડે છે.** અહો ! સ્વરૂપમાં એકત્વ થતાં પરભાવ છૂટી જાય છે. સ્વરૂપમાં જ્ઞાનભાવરૂપ એક છું એમ એમાં ઠરતાં અથવા જ્ઞાયકભાવનું લક્ષ વિશેષ કરતા ત્યાં આગળ રાગનું જેટલું આત્મામાં એકાગ્ર આવ્યું એટલો રાગ ઉત્પન્ન થતો નથી. એ રાગને છોડ્યો, તેનો ત્યાગ કર્યો એમ કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ ? એકકોર કહે, ત્યાગ-ગ્રહણ રહિત આત્મા એવું આવે છે ને ? શક્તિ. શું કીધું ? ત્યાગ-ઉપાદાન શૂન્યત્વ શક્તિ. પરનો ત્યાગ એને ગ્રહણથી શૂન્યત્વશક્તિ આત્મામાં છે. શૂન્યત્વ શક્તિ ગુણ એવો છે. આત્મા ગુણ જ એવો છે કે રાગને ગ્રહે ને ત્યાગે એવો એનામાં ગુણ નથી. રાગનું ગ્રહવું ને રાગના ત્યાગ રહિત આત્મામાં ઉપાદાન શક્તિ એવી છે. ત્યાગ-ઉપાદાન શૂન્યત્વ શક્તિ. ઉપાદાન એટલે ગ્રહવું. ત્યાગ-ઉપાદાનશૂન્યત્વશક્તિ. ગ્રહવું અને છોડવાથી રહિત આત્મામાં ગુણ છે. એ ગુણનો ધરનાર ગુણી એના ઉપર દ્રષ્ટિ આપતા રાગને છૂટવું થાય છે તેને છોડ્યું એમ વ્યવહારથી કહેવામાં આવે છે. નામમાત્ર, કથનમાત્ર. સમજાવવા.

ભાવાર્થ :- **જ્યાં સુધી પરવસ્તુને ભૂલથી પોતાની જાણે ત્યાં સુધી મમત્વ રહે;**.... આ મારી છે તો મમત્વ રહે, પણ આ તો પરની છે તો મમત્વ ન રહે. દાગીના લાવે છે ને ? છોકરા પરણે ત્યારે ? કોકના ઘરનો. જાણે કે આ તો કો'કનો છે. ત્રણ દિ' પછી પાછો આપવાનો છે. છોકરાને ઘોડે ફેરવીને. ઘોડે ફેરવીને કાંઈ આપણો છે નહીં. પહેરાવે, ગળામાં નાખે, ઓલો હાર લાવજે એમ કહે, ઓલા આપણા પટારામાં પડ્યો છે, લાવજે. પણ સમજે કે આપણો છે નહીં. એમ કહે છે, જ્યાં સુધી પરવસ્તુને ભૂલથી પોતાની જાણે ત્યાં સુધી મમત્વ રહે. **(અ)ને જ્યારે યથાર્થ જ્ઞાન થવાથી...**યથાર્થ એટલે રાગ તે રાગભાવે છે અથવા પરવસ્તુ તે પરવસ્તુની છે. સ્વવસ્તુ તે મારી છે. એમ બેનું **યથાર્થ જ્ઞાન થવાથી પરવસ્તુને પારકી જાણે ત્યારે બીજાની વસ્તુમાં મમત્વ શેનું રહે ?**.... એ એના શરીર ઉપર દાગીનો પડ્યો હોય તો મારો એમાં અભિપ્રાય થતો હશે ? લગનમાં છોકરાને પાંચ હજારનો દાગીનો પહેરાવ્યો, પણ ગરીબ માણસ છે. ફલાણાભાઈનો લાવ્યા. ભગવાનજીભાઈને ત્યાંથી લઈ આવ્યા હશે. પાછો આપી દેવો છે હોં. છોકરોય જાણે કે આપણે. પારકી ચીજ છે. ધ્યાન રાખજો. ચોરાઈ ન જાય. કોઈ લઈ ન જાય. એમ કહીને, લ્યો. એમ જ્યાં પારકું જાણ્યું, (ત્યાં) છૂટી ગયું. આ હતું તે રહ્યું નહીં. પારકું હતું તે પારકેપણે રહી ગયું. એનું એના રૂપે રહ્યું. સ્વસ્વભાવ.... બીજાની વસ્તુ....એ પ્રતીત છે, લ્યો. સમજાણું ?

હવે એનો કળશ, આ કળશ આવ્યો ઝીણી દ્રષ્ટિ ન થાય ત્યાં સુધી. અનુભૂતિનો છે ને આ શ્લોક ? વળી એમ કહે આ શ્લોક તો અનુભૂતિનો છે. કોની અનુભૂતિ ? પ્રત્યાખ્યાનની

અનુભૂતિ સ્થિરતા. આવું ભાન થયું અને એમાં સ્થિરતા થઈ એટલે રાગ છૂટી ગયો. રાગ છોડવો છે ને એ વાત ક્યાંય રહેતી નથી. એમ કહે છે.

**अवतरति न यावद् वृत्तिमत्यन्तवेगा-**

**दनवमपरभावत्यागदृष्टान्तदृष्टिः ।**

**झटिति सकलभावैरन्यदीयैर्विमुक्ता**

**स्वयमियमनुभूतिस्तावदाविर्बभूव ।।२९।।**

સમજાણુ ? **કારણ કે (એ) પ્રસિદ્ધ છે કે વસ્તુને પરની જાણ્યા પછી મમત્વ રહેતું નથી.** નથી. કળશટીકામાં ત્યાં સુધી લીધું છે કે ભઈ, એમાં વૃદ્ધિરૂપ પડ્યું છે તોય મમતા એની નથી. કારણ કે પડ્યું છે તો પણ મારું નથી તો ભલે રહ્યું........ એમ રાગાદિથી ભિન્ન પડી ગયો, પછી રાગાદિ હો ભલે, (પણ) મારું છે નહીં. મારામાં એક નથી. એકપણું જ્ઞાન સ્વભાવનું છે. જ્ઞાયકભાવનું એકપણું તે મારું સવરૂપ છે એમ થયું ત્યાં રાગમાં જોડાણો નહીં. એ પહેલાં થયું એમ કહેવામાં આવ્યું છે. સમજાણું કાંઈ ? આ પ્રત્યાખ્યાન થયું, ઠર્યો ઈ, એમ કહે છે. ત્યારે ભાઈએ પ્રશ્ન કર્યો હતો ને જ્ઞાતાનો. વ્યવહાર શ્રદ્ધા નથી. તો પછી આ આચરણ કરવાનો કામી છે ? એમ પૂછે છે. એની શૈલી એવી દરેક ઠેકાણે પહેલેથી ઉપાડે. એ સ્વરૂપમાં ઠરે છે એ પ્રત્યાખ્યાન. ભિન્ન પડ્યો છે એમ ભાન તો થયું પણ પાછો વિશેષ રાગાદિ છે એમાં જોડાણો નહીં, ત્યાં ઠર્યો, એમ. જોડાણો, પહેલા ઠર્યો ઈ. એ પ્રત્યાખ્યાન થયું. સમજાણું કાંઈ ?

શું કીધું ? ત્યાં પ્રત્યાખ્યાનની વ્યાખ્યા છે ને આ ? ત્યાગની વ્યાખ્યા છે. પ્રત્યાખ્યાનની એટલે ? રાગમાં જોડાણો નથી ત્યાં તો ઠર્યો, એ ઠર્યો ઈ પચખાણ છે. આ પચખાણની રીત. આ તો બહારના હાથ જોડી પચખાણ. ભાન તો કાંઈ ન મળે. જ્ઞાનસ્વભાવ શું છે ? રાગભાવ શું છે ? દેહભાવ શું છે ? કાંઈ ખબર (ન મળે) બેના લક્ષણો શું છે, બેના સ્વરૂપમાં–કેમ ? એકમાંથી કેમ ખસાય અને બીજામાં કેમ જવાય ? પચખાણ કરીને બેસો. પચખાણ કરીને બેસો. કુપચખાણ છે. આવે છે, ભગવતીમાંસૂત્રમાં.... .. નિષેધ છે. લોકો ભડકે નહીં. બિચારા પોતે ગૃહસ્થાશ્રમમાં હતા. 'આ પોતે છોડતા નથી. માટે ત્યાગને વજન આપતા નથી' એમ કહે છે ને ? આવા ને આવા. 'પોતાને છોડવું નથી એટલે ત્યાગીના ત્યાગને માન આપતા નથી'. ત્યાગ ક્યા હતો પણ ? સાંભળને ! જ્યાં જ્ઞાયકભાવ ચિદાનંદ સ્વરૂપમાં અનુભવમાં આવ્યો નથી, રાગને છોડવું એ પણ જ્યાં દ્રષ્ટિમાં નથી, એવી તો ખબર નથી. એમાં રાગનો ત્યાગ છે ક્યાં અને પરનો ત્યાગ ક્યાં ? અહીયા ?

મુમુક્ષુ : દ્રષ્ટિ ફેરવવા જવી.

પૂજ્ય ગુરુદેવશ્રી : હાં, ત્યાગ જ કહે છે, આત્માનો ત્યાગ છે ત્યાં જ્ઞાયકભાવરૂપી ભાવ તો છોડી દીધો છે, દ્રષ્ટિમાંથી. હવે આ રાગ છોડું અને આ છોડું અને આ મુકું ને દ્રષ્ટિ મિથ્યાત્વ થઈ છે પણ લોકોને આ વાત (ક્યાંથી સમજાય) ? આ તો લોકોત્તર વાત છે. બીજા સાથે મેળવવા માગે તો મળે એવી નથી. સાધારણ માણસ એવા હોય, પોતે છોડી શકતા ન હોય આમ થોડો રાગ કે બાયડી છોકરાનો પરિચય. ને આ છોડીને બેઠો.... ઓહોહો ! ભારે કરી. એની પોતાની દ્રષ્ટિના માપે બીજાના ત્યાગનું માપ કરે છે.

મુમુક્ષુ :.....

પૂજ્ય ગુરુદેવશ્રી : દેખાતું તો બીજું છે પણ એની દ્રષ્ટિથી જોવે છે. અંતરમાં જ્ઞાયકભાવને રાગભાવ ભિન્ન છે. એવું જ્યાં અનુભવમાં આવ્યું નથી ત્યાં ઠરવું ક્યાં ? ચારિત્ર તો ઠરવું છે. આ પ્રત્યાખ્યાનની વ્યાખ્યા ચાલે છે ને, પરભાવથી સ્વભાવના લક્ષણો અને પરના લક્ષણો ભિન્ન છે. બેના લક્ષણોનું ભિન્નપણું અંતરમાં ભાસ્યું નથી. ભાસ્યા વિના ઠરવું ક્યાં ? અહીં તો કહે છે, ભિન્ન પડ્યું છે. પરમાં ન જોડાય તો અહીં ઠરી જાય છે. એનું નામ પ્રત્યાખ્યાન કહેવામાં આવે છે. સમજાણું કાંઈ ? એનું નામ ચારિત્ર કહેવાય અને એનું નામ ત્યાગ. પ્રત્યાખ્યાનનો અર્થ એટલે ત્યાગ ખરો ને ? નાસ્તિથી વાત લીધી. જિન એટલે જીતવું. જીતવું એટલે શું પણ ? રાગ સામે જીતવું, રાગને જીતવો. આ રાગ છે ને આને જીતવો એમ છે ? આમ સ્વભાવ પર એકાગ્ર થતા, રાગ થતો નથી, એ રાગને જીત્યો. એ શૈલીએ કહેવાય છે. ભાષા જૈનની એ રીતે છે.

(ભાવાર્થ) : **(આ) પરભાવના ત્યાગનું દ્રષ્ટાંત કહ્યું તે પર દ્રષ્ટિ પડે તે પહેલાં....** દેખો. **સમસ્ત અન્યભાવોથી રહિત...** જુઓ રાગનો ત્યાગ થયો નથી તે પહેલાં ઠરી ગયો, કહે છે.

મુમુક્ષુ : રાગ થયો જ નથી.

પૂજ્ય ગુરુદેવશ્રી : એમ. બીજું શું છે ? ભાષા તો શું કહે એને ? **પોતાના સ્વરૂપનું અનુભવન તો તત્કાળ થઈ ગયું; કારણ કે એ પ્રસિદ્ધ છે કે વસ્તુને પરની જાણ્યા પછી** .... તેમાં કેમ ઠરે ? એમ—કેમ રહે ? એમ અહીં પ્રત્યાખ્યાન છે ને ? પરને જાણી છે એટલે એમાં

એકત્વ તો નથી, પણ પરનું ભિન્ન પડ્યું. ત્યાં તો અહીં ઠરે છે. અહીં સ્વભાવપણે જાણે ત્યાં ઠરે છે. એમાં જોડાતો નથી. એનું નામ પચખાણ, પ્રત્યાખ્યાન કહે છે, સેઠી આહાહા !

મુમુક્ષુ : આ એક નંબરનું ને ઓલું બીજા નંબરનું ?

પૂજ્ય ગુરુદેવશ્રી : એકેય નંબર હતો નહીં. આ એક નંબરનું પચખામ, ઓલું બીજા નંબરનું પચખાણ. સ્થિતિ આવી છે ને ? પણ એ તો ઉંચામાં ઉંચો પ્રકાર આવ્યો પહેલો, બીજો, ત્રીજો....આ બીજા નંબરની એટલે હલકા નંબરની ? હલકા નંબરનું પચખાણ, પણ પચખાણ કેવું ? આહાહા ! જ્ઞાનીને લીધું છે. નિયમસારમાં, સમજાય છે ? સૂક્ષ્મભાવે રાગની મંદતા કરે છે, આવે છે ને પંચાસ્તિકાયમાં ?....એ તો વ્યવહાર કહે ને. મૂળ પચખાણમાં. વ્યવહાર. રાગની મંદતા કરી હોય છે, પણ અભાવ રાગનો નથી, એ રાગના અભાવ સ્વભાવનું ભાન નથી. ત્યારે એને વ્યવહાર પચખાણ–વ્યવહારાભાસનું પચખાણ કહેવામાં આવે છે, એમ છે. સમજાણું કાંઈ ? વાદવિવાદે કાંઈ પાર પડે એવું નથી. વસ્તુની મર્યાદા જોવે તો પાર પડે છે.

જ્ઞાયકમૂર્તિ ચિદાનંદ આનંદરસથી ભર્યો છે. એવા લક્ષણે જ્યાં આત્માનું ભાન થયું. એના લક્ષણ વિરુદ્ધના ભાવમાં કેમ ઠરે હવે ? એમ કહે છે. ભગવાન આત્મા શુદ્ધાતમ અભિમુખ પરિણામથી જ્યાં ઠર્યો છે અંદર, આનંદ સ્વરૂપને જ્યાં જોયું છે, અનુભવ્યું છે, જાણ્યું છે. રાગને આકુળતા લક્ષણવાળા અચેતન લક્ષણવાળા જાણ્યા છે એ અચેતનમાં કેમ હવે રહે, ઠરે ? જેને પ્રત્યાખ્યાન કરવું છે એ આમાં કેમ ઠરે ? એમ કહે છે. આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ છે એમ ભાવથી જાણ્યું છે. ભાવ સ્વભાવ આ આનંદભાવ છે, જ્ઞાયકભાવ જાણ્યો, ત્યાં ઠરે છે. બસ, ત્યાં ઠરે છે તેને પચખાણ (થઈ જાય છે.) કહો, ભગવાનજીભાઈ !

આ પચખાણ. ગામડામાં બધા પચખાણ લ્યો. સમજાય છે ? નો'તું એ પચખાણ કર્યું રાજપાળજીએ ચંગામાં. ટોણો મારવો નહીં, ચંગામાં. ચંગામાં હતા નહીં ? કોઈ બાઈ આવી હતી. હું ઉપર બેઠો હતો, મેડી છે ને નાની. ત્યાં હેઠે. ગામડામાં ટોણા મારે....નાખી ન દે. મહાજનને હોં...એને બિચારાને ખબર ન હોય, કોળી, કણબી જેવા. એ બાઈ તો આવી, રાજપાળજીએ ઓળખાણ કરી કે ટોણો ન મારવો અને સાધુ..... સમજાય છે ! કેવા ? મોઢાએ મૂછડો અને વાંહે પૂછડો. એમ બાઈ બોલી. મોઢાએ મુછડો ને....... પૂછડો એ ગુરુ... બેન હશે..... ની બેન હશે. હું ઉપર બેઠો હતો. ઓલી મેડી છે ને ચંગાની. નહીં ? નાની. હું ત્યાં, હું બેઠો'તો ને રાજપાળજી આમ બેઠા'તા ને કોઈ બાઈ આવી. ઓળખાણ આપી. .... જી ની બહેન..... આવા બિચારાને કાંઈ ખબર ન મળે. મહારાજ ! મને......... ઉઠ્યા. તો કહે,......... એ મારા ગુરુ, લ્યો. અરે, ભગવાન ! એ બિચારી બોલી એને ખબર નહીં. આ ગામડાનું માણસ. બહું સરળ........ કંઈ એ બાઈ બોલી'તી...... રાજપાળજી. બાઈ આવી. કીધું હશે......

હવે એને આત્મા ને ક્યાં રાગ અને ક્યા ? એને મુનિપણું શું કહેવાય ? કોને ખબર, ભાઈ ! હવે ભેદજ્ઞાન કેમ થયું, વિશેષ એ વાત કરશે.

(પ્રમાણ વચન ગુરુદેવ)